# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષ : ૧૮ અંક : ૮ ૧૫-૩-૨૦૦૮ સળંગ અંક : ૨૦૮

સંપાદકો

પરમ પાઠક + મદનમોહન શર્મા + નિરંજન પટેલ + સોનલદે દેસાઈ + ઉજ્જ્વલ ત્રિવેદી + મનીષ સોલંકી


## સમ્પાદકીય

સમુદાય અથવા વ્યક્તિ દ્વારા ચાલતી સામાજિક પ્રક્રિયા એટલે શિક્ષણ. સમાજને, તે સ્વીકારેલાં મૂલ્યો અને માન્યતાઓ પ્રત્યે અગ્રેસર કરે છે. સાંસ્કૃતિક પરંપરાની ઉપલબ્ધિ અને જીવનમાં જ્ઞાનની પ્રાપ્તિ શિક્ષણ દ્વારા જ થાય છે. જીવન સમસ્યાઓની શોધ, આધ્યાત્મિક તત્ત્વોની શોધ, માનસિક ક્ષુધાની તૃપ્તિ, કલા-કૌશલનું જ્ઞાન આચાર-વિચારોનો પરિષ્કાર, ઉત્ક્રાન્તિ અને શાશ્વત સુખની ઉપલબ્ધિનું મુખ્ય સાધન શિક્ષણ છે. જે વ્યક્તિગત જીવનના પરિષ્કારનું કાર્ય કરવાની સાથે સાથે સમાજને ઉન્નત કરવાનું મહત્ત્વનું સાધન છે.

શિક્ષણનો ઉદ્દેશ આન્તરિક દૈવી શક્તિને અભિવ્યક્ત કરવાનો છે. મનુષ્યની અંદર વિદ્યમાન શ્રેષ્ઠતમ ઉદાત્ત-ગુણોનો વિકાસ કરવો તથા શરીર, મન અને આત્માને બળશાળી બનાવવાનો છે. ત્યાગ, સંયમ, આચાર-વિચાર અને કર્તવ્યનિષ્ઠાનો બોધ કરાવવાનો છે. સતત સ્વાધ્યાયથી જ વ્યક્તિમાં અંદર રહેલી શક્તિઓ ખીલી ઉઠે છે. શારીરિક સ્વાસ્થ્ય, માનસિક પવિત્રતા, પ્રખર બૌદ્ધિકતા, આધ્યાત્મિક દૃષ્ટિ, નૈતિકબળ, કર્મઠતા અને સહિષ્ણુતા શિક્ષણ દ્વારા અને સ્વાધ્યાય દ્વારા જ સંભવિત છે. ભારતીય પરંપરામાં શિક્ષણનો આ આદર્શ છે.

अवन्ध्यं दिवसं कुर्यात् । दान अध्ययन कर्मभिः । દિવસને વાંઝણો ન કરવો. શક્ય હોય તો દાન કરવું નહીં તો અધ્યયન તો કરવું જ. આ આદર્શ શિક્ષણ ક્ષેત્રે કેટલો ખરો ઉતરે છે તે પ્રશ્ન છે.

હાલ શિક્ષણનો આ અર્થ ધીમે ધીમે દૂર થતો જાય છે અને તે માત્ર વ્યાપારીકરણ તરફ સરકતું જાય છે. આવા સમયે વિદ્યાર્થી-શિક્ષકના ચારિત્રિક વિકાસ માટે વૈદિક પરંપરા પ્રાપ્ત ઉપનિષદ પરંપરામાં પ્રાપ્ત શિક્ષણનો આદર્શ સમાજ સામે મૂકવો જોઈએ જેથી સમાજને યોગ્ય દિશામાં દોરવી શકાય.

- નિરંજન પટેલ

## ૫૦મો પદવીદાન સમારંભ : દીક્ષાંત પ્રવચન

### (ગુજરાતી ભાવાનુવાદ)


**દીક્ષાંત પ્રવચન આપનાર : શ્રી પી. કે. લહેરી**

આઈ.એ.એસ. (નિવૃત્ત), પૂર્વ અગ્રસચિવ, ગુજરાત સરકાર


સરદાર પટેલ યુનિવર્સિટીના પચાસમાં પદવીદાન સમારંભનું દીક્ષાંત પ્રવચન આપવા માટે આજે સવારે હું આપ સૌની વચ્ચે વલ્લભ વિદ્યાનગર ઉપસ્થિત છું. મારા માટે આ ખરેખર ગૌરવપૂર્ણ ઘટના છે.

ભારતના શૈક્ષણિક નકશામાં સરદાર પટેલ યુનિવર્સિટી અદ્વિતીય સ્થાન ધરાવે છે. ભારતની એકતાના શિલ્પી-સરદાર વલ્લભભાઈ પટેલના જન્મસ્થળની નજીક આ યુનિવર્સિટી આવેલી છે. એટલું જ નહીં, આ યુનિવર્સિટી ભારતના 'કરોડો મેં એક' એવા એક મહાન નેતાના નામ સાથે સંકળાયેલી છે. તેઓ એવા મહાન નેતા હતા કે આપણા રાષ્ટ્રના ઈતિહાસમાં એમના પ્રદાનનું ખરેખરું મૂલ્યાંકન કરવાનું હજુ બાકી છે. સરદાર પટેલનું નામ આપણામાં ગૌરવ અને કૃતજ્ઞતાનો ભાવ પ્રગટાવે છે. તેઓ એક મહાન નેતા તો હતા જ પરંતુ સાથે સાથે તેઓ સમર્પિત અનુયાયી પણ હતા. બળવાન અને દઢ નિશ્ચયી હતા. ભારતના લોહપુરુષનું બિરુદ એમને આપવામાં આવ્યું હતું. આની સાથે જ તેઓ મૃદુ કોમળ હૈયુ ધરાવતા હતા. તેઓ દેશના દલિત-પીડિત પ્રજાજનોના ઉદ્ધારના કાર્યને વરેલા હતા. આપણા સ્વાતંત્ર્ય સંગ્રામના તેઓ એક સમર્થ સેનાપતિ હતા. આની સાથે જ તેઓ પોતાના સર સેનાપતિ મહાત્મા ગાંધીજીના વફાદાર અને આજ્ઞાંકિત સેનાની પણ હતા. ગુજરાતમાં આપણે ભાગ્યશાળી છીએ કે આપણને મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલ જેવા નેતાઓનું દૃષ્ટિવંત નેતૃત્વ પ્રાપ્ત થયું છે. એમની ઉપલબ્ધિઓ આપણો બહુમૂલ્ય વારસો છે. આપણા દેશને આઝાદ અને અખંડિત રાખવા માટે એમણે કરેલા ઐતિહાસિક પુરુષાર્થ, એમણે પ્રસ્થાપિત કરેલા મૂલ્યોને ટકાવવા, વિકસાવવા એ આપણા સૌનું પરમ કર્તવ્ય છે. જ્યારે પણ આપણા દેશમાં કોઈ અનિચ્છનીય પ્રશ્ન સર્જાય છે ત્યારે સામાન્ય પ્રજાજન બોલી ઊઠે છે : 'જો સરદાર હોત તો આ પ્રશ્ન જ ઊભો થયો ના હોત.' સરદાર પટેલને સામાન્ય પ્રજાજનની આ સાચુકલી શ્રદ્ધાંજલિ છે. આ યુનિવર્સિટી સરદાર પટેલની પુણ્યસ્મૃતિનું જીવંત સ્મારક છે.

સુપાત્ર ઠરેલા વિદ્યાર્થીઓને સરદાર પટેલ યુનિવર્સિટી આજે પદવીઓ એનાયત કરી રહી છે. શિક્ષણના ક્ષેત્રે સુંદર દેખાવ કરવા બદલ તમને સૌને હું અભિનંદન પાઠવું છું. તમારી કારકિર્દી દરમિયાન તમે ગમે ત્યાં જશો આ સરદાર પટેલ યુનિવર્સિટીના રાજદૂત બની રહેશો. તમને સૌને તેજસ્વી કારકિર્દી, આકર્ષક વેતન અને દેશવાસીઓની સેવા કરવાની ઉમદા તક સાંપડે એવી હું શુભેચ્છા આપું છું.

દરેક પેઢીએ પોતાના જમાનાના જટીલ પ્રશ્નોને ઉકેલવા માટે નવી અને અનુરુપ ફિલસૂફી શોધવી પડે છે. અગાઉના વર્ષોમાં દુનિયા

મૂડીવાદી અને સામ્યવાદી દેશોમાં વહેંચાઇ ગઇ હતી. એ સંજોગોમાં આપણા દેશે લોકશાહી અને સમાજવાદનો સમન્વય કરવાનો પ્રયાસ કર્યો હતો. દુનિયાભરના અનુભવોએ સાબિત કરી દીધું છે કે સરકાર કે કોઇ પબ્લીક સેક્ટર અંડર ટેકીંગ વ્યાપારને લગતી ગતિવિધિઓ માટે સક્ષમ નથી. વૈશ્વિકરણ અને મુક્ત ઉદારીકરણની પ્રક્રિયાએ નૂતન વિશ્વ વ્યવસ્થાનું સર્જન કર્યું છે. આ વિશ્વવ્યવસ્થામાં ઝડપી ઉત્પાદન અને માર્કેટીંગને આર્થિક વિકાસની ચાવી માનવામાં આવે છે. આપણા અર્થકારણમાં સેવાના ક્ષેત્ર (પબ્લીક સેક્ટર)નું પણ મહત્ત્વનું સ્થાન છે. પ્રવેગી વિકાસદરને લીધે આજે ભારત દુનિયામાં સક્ષમ આર્થિક મહાસત્તા ગણાય છે. જો કે વૈશ્વિકરણને લીધે સમાજમાં અમીર અને ગરીબ વચ્ચેનું અંતર વધ્યુ હોવાના સચોટ પૂરાવાઓ પ્રાપ્ત થયા છે. ઉદારીકરણની પહેલ કરનારા આપણા વડાપ્રધાન ડૉ. મનમોહન સિંઘે દેશના ઉદ્યોગપતિઓને સામાજિક જવાબદારીઓ સ્વીકારવા માટે સલાહ આપવી પડેલી. સ્વામી વિવેકાનંદે ગરીબો પ્રત્યેની પોતાની ઊંડી નિસ્બત આ શબ્દોમાં વ્યક્ત કરેલી :

‘દલિત-પીડિત પ્રજાજન માટે આપણને અનુકંપા હોવી જોઇએ. આપણે એમને સહાય કરવી જોઇએ- આવી ભાવનાથી મેં આપણા દેશમાં બાર વર્ષ પરિભ્રમણ કર્યું. સમર્થ લોકોનો મેં સંપર્ક કર્યો એ પછી આજે દુઃખી હૈયે અડધી દુનિયા ઓળંગીને હું અમેરિકાની આ અજાણી ભૂમિમાં આવ્યો છું. મને પૂછવા દો કે દલિત-પીડિતો માટે તમને સહાનુભૂતિ છે ખરી ? આપણે દેવો, ઋષિ-મુનિઓના વારસો છીએ. પરંતુ આપણા ઘણા પ્રજાજનો પશુઓ જેવી દયનીય દશામાં જીવી રહ્યા છે. આવા દુર્ભાગી ભાઇ બહેનો માટે તમારી ઉંઘ હરામ થાય છે ખરી ? એમની સ્થિતિ સુધારવા માટે તમે તમારું નામ, કીર્તિ, પરિવાર, ધન-દોલત, તમારું શરીર સુદ્ધાં હોડમાં મૂકવા તૈયાર છો ખરો ? દેશભક્ત થવા માટેનું આ પહેલું પગથિયું છે. આવા પ્રજાજનોની અવદશાની ઉપેક્ષા કરનારાઓને હું વિશ્વાસઘાતી ગણું છું. કારણ કે આવા બધા પ્રજાજનોના ભોગે જ તેઓ શિક્ષિત થયા છે. જ્યાં સુધી આપણા દેશવાસીઓ ભૂખ અને અજ્ઞાનમાં સબડે છે ત્યાં સુધી આપણે મહાન રાષ્ટ્ર બની શકીએ નહીં.’

જ્યારે તમે તમારો અભ્યાસક્રમ પૂરો કરીને કોઇ પદવી મેળવો છો એ પછી શું ભણવાનું પુરું થઇ જાય છે ? હું તો કહીશ કે એ પછી જ ખરા ભણતરની શરૂઆત થાય છે. હવે તમે એક વિશ્વમાં પ્રવેશો છો. આ વિશ્વ સ્પર્ધા અને સંઘર્ષથી ભરેલું છે. એ તમારા કૌશલ્યની અને ધીરજની કસોટી કરશે. એ તમને પુરસ્કાર આપશે, તો સજા પણ કરશે. આ સ્થિતિમાં બદલાવ લાવી શકે એવી જો કોઇ વ્યક્તિ હોય તો તે માત્ર તમે જ છો. તમે ભાવિનું પ્રતિનિધિત્વ કરો છો. તમે દરેક જણ જેવું નિર્માણ કરશો એવો આપણો દેશ બની રહેશે.

આપણા જીવનનું નિયમન ઝડપથી બદલાતી જતી ટેકનોલોજી કરી રહી છે. આજે આપણે જેને આધુનિક કહી શોધી કાઢીએ છીએ તે જ આવતીકાલે કાલગ્રસ્ત, પુરાણુ બની જાય છે. કોલેજ કે યુનિવર્સિટીમાં તમને જે વિષયો ભણાવવામાં આવે છે તે સાચું શિક્ષણ નથી. એ તો સાચું શિક્ષણ મેળવવાના સાધનો છે. આ ગતિશીલ વિશ્વના પરિવર્તનો સાથે કદમ મિલાવવા માટે તમારે સતત શીખતા રહેવું પડશે. જો તમારે સતત શીખતા રહેવું હોય તો તમારી તર્કશક્તિ, બુદ્ધિ શક્તિની સરાણ પર ચકાસ્યા સિવાય કશાની તરફેણ કે વિરોધમાં અભિપ્રાય ના બાંધી દેતા. તમને જે ગમે છે એને જ માત્ર અનુસરશો અને જે તમને નથી ગમતું એને અવગણશો તો તમે અવળે રસ્તે દોરવાઇ જશો. કોઇ પ્રશ્નને જો ખરેખર આપણે ઉકેલવા માંગતા હોઇએ તો એનો ઉકેલ એ પ્રશ્નથી અલગ હોતો નથી. ખરું જોતાં પ્રશ્નમાંથી એનો ઉકેલ મળી આવતો હોય છે.

ગૌતમ બુદ્ધે સાચું જ કહ્યું છે કે બીજાના દોષો જોવા સહેલું છે. પરંતુ પોતાના દોષો જોવા એ જ અઘરું છે. કોન્ફ્યુસીયસે સમજાવ્યું છે કે જે શ્રેષ્ઠ મનુષ્ય હોય છે એ સાચું શું છે તે સમજે છે. નબળા માણસને કપટ સમજાય છે. શાશ્વત સનાતન મૂલ્યો સાથે આપણે ક્યારેય બાંધછોડ ના કરવી જોઇએ. આપણી ક્ષમતાઓ બાબતે આપણે અભિમાન પણ ના રાખવું જોઇએ.

દુર્ભાગ્યે આપણી શિક્ષણ વ્યવસ્થામાં અને સમાજ વ્યવસ્થામાં બૌદ્ધિકતા અને પરિશ્રમ વચ્ચે સાવ અંતર પડી ગયું છે. ગાંધીજીએ કહ્યું છે : ‘શિક્ષણની મારી વ્યાખ્યામાં બુદ્ધિ અને શ્રમ વચ્ચે કોઇ નક્કર દીવાલ નથી. હું તો નિસંકોચપણે કહીશ કે શારીરિક શ્રમના સમુચિત ઉપયોગ વગર કૌશલ્ય અને બુદ્ધિનો વિકાસ સંભળાતો નથી.’

આપણી શિક્ષણ અને સમાજ વ્યવસ્થામાં બે મોટી ખામીઓ છે. પહેલી ખામી છે અભ્યાસક્રમમાં માનવ શરીરના મહત્ત્વની અવગણના ને બીજી ખામી સમાજમાં મૂલ્યોની સદંતર ઉપેક્ષાની છે. વૈશ્વિક ભૂમિકાએ જો આપણે સ્પર્ધા કરવી હોય, આપણે સુખાકારીને ઉત્તેજન આપવું હોય તો આ વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન આણવું જ રહ્યું. મનનો વિકાસ જરૂરી છે. પરંતુ એ કરવામાં હૃદયના વિકાસની અવગણના ના થવી જોઇએ. બુનિયાદી કેળવણીનો ખ્યાલ રજૂ કરતા ગાંધીજીએ હેડ (મસ્તક), હાર્ટ (હૈયું) અને હેંડ્ઝ (હાથ)- આ ત્રણ 'H'ના વિકાસ પર ભાર મૂક્યો હતો.

પદવીદાન સમારંભ એ એક એવો અવસર છે કે જ્યાં હું વહીવટી ક્ષેત્રના મારા ચાર દાયકાના અનુભવની વાત કરી શકું. થોમસ જેફરસનને ટાંકવાનું મને ગમશે. એણે કહેલું : ‘પ્રારબ્ધમાં હું ખૂબ જ માનું છું મને સમજાયું છે કે મેં જેટલો વધારે પુરુષાર્થ કર્યો એટલું વધારે પ્રારબ્ધ મને ફળ્યું.’ આ જ રીતે, માગરિટ થેચરે પણ કહ્યું છે : ‘કઠોર પરિશ્રમ કર્યા વગર ટોચ પર પહોંચ્યા હોય એવા એકપણ માણસને હું જાણતી નથી. કઠોર પરિશ્રમથી જ ટોચ પર પહોંચાય છે. કઠોર પરિશ્રમ દર વખતે તમને ટોચ પર નહીં પહોંચાડે પરંતુ તમને ટોચની સાવ નજીક તો જરૂર લઇ જશે.’

કઠોર પરિશ્રમની સાથે સાથે આપણે મૌલિક વિચારો કરવાની તેમજ ભય અને પૂર્વગ્રહોથી ઉપર ઉઠવાની જરૂર છે. ભય આપણામાં પાશવી, ટોળાંગત વૃત્તિઓ ઉત્તેજે છે. આ વૃત્તિઓને લીધે આપણા ટોળામાં જેઓ નથી એમના માટે હિંસા જાગે છે. તમે તમારો માર્ગ જાતે કંડારતા ડરશો નહીં.

સવારમાં આપણે છાપું વાંચીયે કે સાંજે ટીવી જોઇએ ત્યારે આપણને દુઃખ થાય એવા ઘણા સમાચારો ધ્યાનમાં આવે છે. આપણી આજુબાજુ ઘણા ગુનાઓ થતા હોય છે. સહનશીલતા અને સંસ્કારિતાના અભાવને લીધે આમ થાય છે. તમારી સફળતાને સારી રીતભાત સાથે સીધો સંબંધ

છે. સારી રીતભાત ધરાવતા લોકોને બીજાઓ માટે ખરેખર સહાનુભૂતિ હોય છે. કમનશીબે આજે અમલમાં મૂક્યા વગર બીજાને સારી રીતભાત શીખવવી એ અઘરામાં અઘરું કામ છે. તમને જીવનમાં સફળતા અપાવશે સંઘભાવના અને સારી રીતભાત. આવી સફળતા ગમે એટલા પૈસા ખર્ચતાં પણ તમને નહી મળે.

તમે ભારતની હવે પછીની પેઢીનું પ્રતિનિધિત્વ કરો છો. દરેકે દરેક પ્રજાજન ઉત્તમતા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરશે તો જ આપણું ભારત એક મહાન રાષ્ટ્ર બનશે. દરેક યાત્રાની શરૂઆત તો નાનકડા એક પગલાંથી જ થતી હોય છે. આપણે કોઇએ પરિસ્થિતિથી વ્યગ્ર કે ખિન્ન થવું જોઇએ નહીં. જ્યારે આપણે પોતે બદલાવવાનું શરૂ કરીશું ત્યારે જ પરિસ્થિતિમાં પરિવર્તન આણી શકીશું.

મહાન થવું આનંદદાયક છે. પરંતુ આનંદ દાયક થવું એ સવિશેષ મહાન છે. ધનવાન થવું સારું છે. પરંતુ સારા થવું એ વધારે ધનવાન થવા બરાબર છે. શાણા થવું સારું છે. પણ સારા થવામાં વધારે શાણપણ છે.

અબ્રાહમ લિંકને કહ્યું છે કે મોટા ભાગના લોકો પોતાના મનમાં આવે એ રીતે સુખી છે. ધિક્કાર અને સંહારથી ભરેલા આ વિશ્વમાં આપણે સ્પષ્ટ દર્શન, મજબૂત મનોબળ અને પોતીકા સામર્થ્યથી ખડકની જેમ ટકી રહેવાનું છે. મહેરબાની કરીને તમે સૌ કોઇ સાથે સંસ્કારપૂર્ણ વર્તન કરો. કઠોર વ્યવહાર દાખવતા લોકો પ્રત્યે પણ સંસ્કારિતા બતાવો. બીજાઓ પ્રત્યે વિનયી બનો. તેઓ સજ્જન છે એટલા માટે વિનયી ના બનતા. પરંતુ તમે ખરેખર વિનયી છો માટે એવા બની રહો.

હકારાત્મક વિચારોની તાકાત બાબતે તમે મહેરબાની કરીને સભાન થાવ. માણસ જે કાંઇ વાંચે છે, સાંભળે છે તેવો તે નથી હોતો. પરંતુ તે જેવું વિચારે છે એવો જ તે હોય છે. ધીરજથી વિચારપૂર્વક તમે ગમે તેવી વિપરિત પરિસ્થિતિને સાનુકૂળ બનાવી શકશો. ગરીબી, પાપ, બિમારી, અસુખ કે ભય જેવા ગમે તેવા ભારે અભિશાપમાંથી તમે છૂટકારો મેળવી શકશો. તમારે ભારોભાર આશાવાદી બનવું જોઇએ.

આ વિશ્વમાં સતત પરિવર્તન થતું જ રહે છે. કોઇકે કહ્યું છે કે આ વિશ્વમાં જો કોઇ અપરિવર્તનશીલ હોય તો તે છે પરિવર્તન. આપણે બદલાતી પરિસ્થિતિઓ સાથે કામ પાડતા શીખવું જોઇએ. જેઓ રાહ જોતા રહે છે એમના માટે સમયની ગતિ એકદમ સીધી છે. જેઓ ડરી જાય છે એમના માટે સમયની ગતિ તેજ છે. વિલાપ કરનારાઓ માટે સમય સુદીર્ઘ છે. મોજ કરનારાઓ માટે સમય અલ્પ છે. પરંતુ પ્રેમ કરનારાઓ માટે સમય અસીમ છે. અનંત છે.

સેન્ટ ફ્રાન્સીસ ઑફ આસીસીની સચોટ સલાહ કૃપયા યાદ રાખો. જ્યારે આપણે બીજાને આપીએ છીએ ત્યારે જ કશુંક પ્રાપ્ત કરીએ છીએ. અન્યને આશ્વાસન આપીએ છીએ ત્યારે જ આપણે ખરેખર આશ્વાસન પામીએ છીએ. ક્ષમા આપીએ છીએ ત્યારે જ ક્ષમા પામીએ છીએ. સંકલ્પની દ્રઢતા, સાદાઇની વ્યાપકતા, ચારિત્ર્યની ઊંચાઇ પ્રાપ્ત કરવાનો માર્ગ છે આત્મશિસ્ત- આ રીતે જ આપણા વ્યક્તિત્વને સર્વતોમુખી વિકાસ થતો હોય છે.

સ્વામી વિવેકાનંદે કહ્યું છે એ મુજબઃ ‘શુદ્ધતા, ધીરજ અને ખંત એ સફળતા પ્રાપ્ત કરવાના પાયાના ત્રણ ઘટકો છે.’

જીવન એ કાંઇ સુહાની સફર નથી. દરેકે મુશ્કેલીઓ સામે ઝઝૂમતા શીખવું જોઇએ. રવીન્દ્રનાથ ઠાકુરની પ્રાર્થના આપણે સૌ યાદ રાખીએ. ‘જોખમમાંથી મને બચાવતા નહીં, પરંતુ જોખમનો સામનો કરવાની હિંમત આપો. દુઃખ દૂર કરી દેવાનું હું માગતો નથી, પરંતુ એને જીતી લેવાની તાકાત માગું છું. મારા જીવન સંગ્રામમાં હું બીજા કોઇની મદદની આશા રાખું નહીં. પરંતુ મારી પોતાની તાકાત પર હું નિર્ભર રહું.’ શક્તિશાળી રાષ્ટ્રના નિર્માણ માટે કર્મયોગી સંસ્કૃતિ (વર્ક કલ્ચર) પ્રગટાવવાની આપણને જરૂર છે. સારી રીતે કાર્ય કરવાની પ્રતિબદ્ધતાની આપણને જરૂર છે. દેશના રક્ષણ કરવા કરતા વધારે મહાન કોઇ બલિદાન નથી. સમર્પણ અને કઠોર પરિશ્રમ વગર કશું જ સંતર્પક પ્રાપ્ત થઇ શકતું નથી. યુવાનો પ્રત્યે મૃદુ, વૃદ્ધો પ્રત્યે દયાળુ, વેઠનારાઓ પ્રત્યે સહાનુભૂતિપૂર્ણ અને નબળાઓ પ્રત્યે સહિષ્ણુ બનો. જીવનમાં તમે પોતે પણ ક્યારેક આવી સ્થિતિમાં આવી પડશો. એકવાર પણ જો તમે તમારા વિચારો સાથે બાંધછોડ કરશો તો પછી તમે સાવ સામાન્ય બની રહેશો.

આ દીક્ષાંત પ્રવચનનું સમાપન કરતા પહેલા એક લાંબું પણ સુંદર જીવન જીવવાની કળા આત્મસાત કરવાનું એક સચોટ અવતરણ ટાંકવા માગું છું. ઘોંઘાટ અને ઉતાવળની વચ્ચે સ્વસ્થ બની રહો. ચુપકીદીમાં રહેલી શાંતિને શોધી કાઢો.

શક્ય હોય ત્યાં સુધી કોઇને પણ તાબે થઇ ગયા વગર બધા લોકો સાથે સારા સંબંધો રાખો.

સ્વસ્થતાથી અને સ્પષ્ટતાથી સત્ય બોલો. બીજાને પણ સાંભળો. મૂર્ખ અને અજ્ઞાની લોકોની પણ પોતાની આગવી કથા હોય છે.

બોલકા અને આક્રમક લોકોને ટાળો. આવા લોકો આત્મા માટે ત્રાસદાયક હોય છે.

જો તમે બીજા સાથે તમારી સરખામણી કરશો, તો તમે નિષ્ફળ અને કડવાશભર્યા બની રહેશો. કારણ કે દુનિયામાં હંમેશા તમારા કરતા વધારે સારા અને ખરાબ લોકો હોય છે.

તમારી ઉપલબ્ધિઓ અને તમારા આયોજનોને પણ માણો. તમારી પોતાની કારકિર્દીમાં રસ લો.

સમયના બદલાતા ચક્રમાં મનુષ્યમાં જે કાંઇ પણ નમ્રતા હોય તે તેની સાચી સંપત્તિ છે.

તમારા આર્થિક વ્યવહારોમાં તકેદારી રાખો. કારણ કે દુનિયા છેતરામણી છે. આમ છતાં ઉત્તમતા પ્રત્યે આંખ આડા કાન કરતા નહીં. ઉચ્ચ આદર્શો સિદ્ધ કરવા માટે ઘણા માણસો મથામણ કરતા હોય છે ને જીંદગી તો સર્વત્ર વીરભાવયુકત હોય છે.

જાતને વફાદાર રહો.

ખાસ કરીને પ્રેમ, લાગણીનો ઢોંગ કરશો નહીં.

પ્રેમ બાબતે નિરાશાવાદી બનશો નહીં. કારણ કે તમામ શુષ્કતાઓ અને મોહિનીઓની વચ્ચે પણ પ્રેમ ઘાસ-તૃણની જેમ વરસો સુધી ટકી રહે છે.

વર્ષોના બોધને, યૌવનના ઉન્મેષોને સહજ રીતે સ્વીકારો. અણધારી મુશ્કેલીઓમાં ટકી રહેવા માટે આત્મશક્તિ વિકસાવો. આભાસોથી તમારી જાતને વ્યગ્ર ના થવા દેતા.

થાક અને એકલતામાંથી ઘણા ભય જન્મતા હોય છે. જરૂરી શિસ્તની પેલે પાર પણ તમારી જાત પ્રત્યે સહિષ્ણુ બનો. તમે વિશ્વનું સંતાન છો. વૃક્ષ કે સિતારા કરતા તમે સ્હેજ પણ ઉતરતા નથી. અહીં રહેવાનો તમને પૂરો અધિકાર છે. તમને સમજાય કે ના સમજાય પરંતુ વિશ્વ જે રીતે પ્રગટવું જોઇએ એ રીતે તમારી સમક્ષ પ્રગટી રહ્યું છે.

આમ તમારા પ્રભુ સાથે તમે સંવાદમાં રહી પ્રભુને તમે ગમે તે સ્વરૂપે જોતા હો. જીવનના ઘોંઘાટભર્યા ગૂંચવાડામાં તમારી ગમે તે મથામણ હોય, તમે ગમે તે અભીપ્સા સેવતા હો, પરંતુ તમારા આત્માનું અનુસંધાન સાધતા રહો.

તમામ શરમ, વેઠ અને સ્વપ્નભંગો હોવા છતાં વિશ્વ તો સુંદર જ છે.

સાવધ બનો. સુખી થવા પ્રયત્નશીલ રહો.

અંગ્રેજીમાંથી ગુજરાતી ભાવાનુવાદ
**- પરમ પાઠક**

## એક અપીલ...

***શીલ શ્રુતમ્*** આપણા સૌનું છે. એમાં આપણે સૌ જરૂર સહયોગ કરીએ. પોતાની કોલેજ, અનુસ્નાતક વિભાગ, કેમ્પસમાં યોજાતા વ્યાખ્યાનો, પરિસંવાદ ઇત્યાદિ જેવી નોંધપાત્ર ઘટનાઓ, કેમ્પસ પરિવારમાં જોડાતા નવા સભ્યો, વિદાય લેતા પરિવારજનો અંગેની જાણકારી જરૂર મોકલો...

**સંપર્ક સૂત્ર : પરમ પાઠક**, અનુસ્નાતક ગુજરાતી વિભાગ, માનવવિદ્યા ભવન, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.

**શીલશ્રુતમ્‌નો આગામી અંક જૂન-૨૦૦૮ના અંતિમ સપ્તાહમાં નવા સત્રના આરંભે પ્રકાશિત થશે.**

## Teaching - Learning

**Post Graduate Department of Business Studies,** Sardar Patel University, Vallabh Vidyanagar organized a 'Two Days' National Seminar on **"Corporate Disclosure in India"** on January 28-29, 2008 under the UGC - Special Assistance Programme. This seminar provided an important forum for the interaction wherein the distinguished Academicians, Professionals and Practicing Chartered Accountants participated in the deliberations. The seminar was inaugurated by Vice-Chancellor of the University, Dr. B. G. Patel, Dr. G. C. Maheshwari, Professor & Director, Department of Management Studies, M. S. University of Baroda, and Shri Prashantbhai Amin, Director, Elecon Group of Companies. The seminar was divided into four technical sessions focussing on Accounting Frameworks of Corporate Disclosure in India, Interim Disclosure, Disclosure on Corporate Governance, Disclosure and Audit and penal discussions by well-known Chartered Accountants-Shri A. V. Shah, Prof. J. H. Shah, Prof. G. Soral, Dr. N. V. Suchak. There were other guests from different citites of the country like Hyderabad, Indore, Udaipur and Jodhpur. The valedictory function was addressed by Prof. Arun K. Basu, Department of Commerce, Calcutta University, Kolkata and Prof. Shailesh Gandhi-IIM, Ahmedabad. Total 150 participants were participated in this seminar, and around 25 research papers were presented in two days' seminar. The backbones of the seminar were Seminar Director and Head Dr. M. K. Patel, Seminar Secretary Prof. P. K. Rathod and Organising Secretary Prof. S. K. Bhatt and other faculties and staff of Business Studies Department.

**અનુસ્નાતક ઇતિહાસ વિભાગ**માં તા. ૧૧-૨-૨૦૦૮ના રોજ 'ઇતિહાસના સાંપ્રત પ્રવાહો' વિષય પર એક દિવસીય કાર્યશિબિર યોજાઇ ગયો. કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી બી. જી. પટેલ અધ્યક્ષપદે તથા સ્ત્રી અધ્યયન મંડળના નિયામક શ્રી રેમા સુભાષ મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યશિબિરમાં કુલ ત્રણ બેઠકો રાખવામાં આવી હતી. તજ્જ્ઞો તરીકે એમ. એસ. યુનિવર્સિટીના ઇતિહાસ વિભાગના વડા ડૉ. આર. જે. શાહ તથા ગુજરાત યુનિવર્સિટીના ઇતિહાસ વિભાગના વડા ડૉ. અંજનાબેન શાહે સેવાઓ આપી હતી. કાર્યશિબિરમાં વિભાગના વડા પ્રો. આર. પી. પંડ્યાએ ઇતિહાસના બદલાતા પ્રવાહોની

સાથે ઈતિહાસના અભ્યાસક્રમને નવી રીતે ઘડવા અંગે સવિસ્તર વાત મૂકી હતી. કાર્યશિબિરની ઉદ્‌ઘાટન બેઠકમાં અનુસ્નાતક ઈતિહાસ વિભાગના પ્રોફેસર આર. પી. પંડ્યા તથા રીડર ડૉ. જિગીષ પંડ્યા દ્વારા સંપાદિત અને સ્ત્રી અધ્યયન મંડળના સહયોગથી પ્રકાશિત પુસ્તક 'રાષ્ટ્રના મુક્તિસંગ્રામ અને નવસર્જનમાં ગુજરાતની નારી'નો વિમોચનવિધિ પણ માનનીય કુલપતિશ્રીના હસ્તે યોજાયો હતો.

કાર્યક્રમનું સંચાલન ડૉ. જિગીષ પંડ્યાએ કર્યું હતું. જ્યારે આભારવિધિ હેમન્ત દવેએ કરી હતી.

➤ **Dr. Yagnesh Dalvadi,** Lecturer at Business Studies Department and **Mr. Dharmesh P. Raykundaliya**, Lecturer at Statistics Department, received Best Paper Award for their paper titled "Analytical Study in Interim Reporting and its Impact on Share Market Prices" at two days National Level Seminar on "Corporate Disclosure in India" at PG Department of Business Studies, Vallabh Vidyanagar, January 28-29, 2008.

**Dr. Raju M. Rathod** and **Dr. Yagnesh Dalvadi**- Lecturers at Business Studies Department presented paper titled "Non-Statutory Disclosure in India-An analysis of Selected Companies" at two days' National level seminar on "Corporate Disclosure in India" at PG Department of Business Studies, Vallabh Vidyanagar, January 28-29, 2008.

➤ **આણંદ કોમર્સ કોલેજ,** આણંદમાં ટી.વાય.બી.કોમમાં અભ્યાસ કરતાં બે વિદ્યાર્થીઓએ ચાર્ટર્ડ એકાઉન્ટ-ઈન્ટરમાં પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થયા છે. તેમાં **શ્રી આનંદ કે. ઠક્કર** સમગ્ર ભારતમાં ૨૮માં ક્રમાંકે ઉત્તીર્ણ થયા છે અને **શ્રી નિકુંજ એસ. સોની** ૫૫માં ક્રમાંકે ઉત્તીર્ણ થયા છે. અભિનંદન !!

➤ A group of students from **J. K. Patel PG Home Science Department,** Sardar Patel University (Family Resource Management Department) namely Ranjeet Kaur G. Shikh, Palak T. Upadhyay, Sejal V. Gandhi and Sneha R. Patel (Textiles and Clothing) Harbinder Kaur G. Shikh, Janki Vataliya, Smita Verma, Rashida Vohra and Dipali Thakker, (General Home Science). Anju Trivedi, Sejal Chaudhary, Dimple Parikh, Trupti Trivedi and Nidhi Sharma. All these students were escorted by **Dr. Manjari S. Acharya** and they were accompanied by **Rupal Thakker,** a Ph.D. student, and a past student Bhargavi Thakker, Dr. Paulomi Dalal (Shah) and Tejal N. Goswami, Lecturer from S. M. Patel College of Home Science. They attended the Home Science Association of India XXVII Biennial Conference with theme "Expanding Horizons for professionals in Family and Community Sciences" was hosted by Jabalpur Chapter.

The Venue was Government M. H. College of Home Science and Science for Women, Jabalpur (MP) 482 001.

Interactive sessions were organised on topics which were very useful to the participants;

1. Entrepreneurship in Home Science
2. Job prospects in Home Science
3. Linking and Starting NGO's

Oral and Poster presentation of research papers were organised and the following students participated in it.

**Oral Presentation of Research Papers**

1. Bhargavi Thakker

**Topic :** "Status of existing interiors in ladies beauty parlour and suggestions for ergonomic space effective interiors"

2. Paulomi Dalal (Shah)

**Topic :** "Beauticians' occupational health & safety at work centre"

3. Rupal Thakker

**Topic :** "Managing finance and Human Resource: A Practice Based Assessment of Non-Government Organisations"

**Poster Presentation of Research Papers**

1. Palak T. Upadhyay (Family Resource Management)

**Topic :** "A study of communication with relation to organizational effectiveness as perceived by the respondents"

2. Ranjeet Kaur G. Shikh (Family Resource Management)

**Topic :** "A Case Study on the Effectiveness of Consumer Clubs in the Schools of Anand District"

3. Harbinder Kaur G. Shikh (Textiles and Clothing)

**Topic :** "A study on tie and dye using natural dyes"

4. Janki Vataliya (Textiles and Clothing)

**Topic :** "Creating still life motifs on T-shirts for boys and girls"

5. Anju Trivedi (General Home Science)

**Topic :** "An experimental study on dyeing of jute cotton fabric with natural dyes"

6. Smita Verma (Textiles and Clothing)

**Topic :** "A study of canvas embroidery on tops"

**Dr. Manjari Acharya**, Reader-FRM and **Ranjeet Kaur G. Shikh** of Family Resource Management won the first prize for the poster presentation of research paper in Family Resource Management area.

➢ **Ms. Rachana Bhatt**, a research student at BRD School of Biosciences, presented her research work entitled, "Studies on Extracellular PHB Depolymerase of Penicillium sp. RBF" and won first prize in the oral presentation (Microbiology) competition at XXII- Gujarat Science Congress organized by Bhavnagar University and Gujarat Science Academy, Ahmedabad at Bhavnagar University held on 9th March 2008.

➢ કેનેડા સ્થિત મેલેસપીન યુનિવર્સિટીની એક ટીમ તાજેતરમાં ચારુતર વિદ્યામંડળ, વિદ્યાનગરની મુલાકાતે આવી હતી. આ મુલાકાત દરમ્યાન મેલેસપીના યુનિવર્સિટીના પ્રેસીડન્ટ ડૉ. નેલ્સન અને ચારુતર વિદ્યામંડળના ચેરમેન ડૉ. સી. એલ. પટેલ વચ્ચે એગ્રિમેન્ટ ઑફ કોઓપરેશન (સહકાર કરાર) કરવામાં આવ્યો હતો. જેમાંથી સીવીએમ સંચાલિત **સેમકોમ કોલેજ** અને **સી ઝેડ પટેલ કોલેજ ઑફ બીઝનેસ એન્ડ મેનેજમેન્ટ**માં વિદ્યાર્થીઓને કેનેડાની યુનિવર્સિટીમાં એમબીએ કરવા સાથે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કારકિર્દી બનાવવાની ઉજ્જવળ તક સાંપડેલ છે. જે અંતર્ગત સેમકોમ કોલેજમાં બીકોમ, બીબીએ, બીબીએ આઇટીએમ, બીસીએ તથા સી ઝેડ પટેલ કોલેજમાં બીકોમ (ઓનર)નો તથા બીબીએ (હોટલ એન્ડ ટૂરીઝમ મેનેજમેન્ટ)નો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ કેનેડાની યુનિવર્સિટીમાં એમબીએમાં પ્રવેશ મેળવી શકશે. કરાર અંતર્ગત વિદ્યાર્થીઓને જીમેટ આપવાની જરૂર રહેશે નહી. અને વિદ્યાર્થીઓ માટે સૌથી મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે, મેલેસપીન યુનિવર્સિટી કેનેડાની ગવર્નમેન્ટ યુનિવર્સિટી છે. જેથી આ યુનિવર્સિટીમાં એમબીએ કર્યા બાદ વિદ્યાર્થીઓને બે વર્ષની વર્ક પરમીટ આપવામાં આવશે. જેથી સીવીએમના વિદ્યાર્થીઓને કેનેડામાં ઉચ્ચ અભ્યાસ બાદ વર્ક પરમીટ મળતા પોતાની પ્રગતિ વિકાસ કરીને ઉજ્જવળ કારકિર્દી બનાવવાની તક સાંપડશે. તેમજ શૈક્ષણિક કરાર મુજબ વિદ્યાર્થીઓ પર ફીનો વધુ પડતો બોજ પણ ના પડે તેવી વ્યવસ્થા કરવામાં આવનાર છે. તદ્ઉપરાંત એક્ષચેન્જ પ્રોગ્રામ હેઠળ વિદ્યાર્થીઓ એક મહિના માટે ત્યાં જઇ શકશે. ફેકલ્ટી મેમ્બરને રીસર્ચ પ્રોજેક્ટ માટે એક્ષચેન્જ પ્રોગ્રામની સુવિધા મળશે. એમાંય ખાસ મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે કેનેડા જેવી ડેવલપ કન્ટ્રીની યુનિવર્સિટીના એકેડેમિક મટીરીયલ અને રિસોર્સનો લાભ મળશે. ઉપરાંત સેમકોમ કોલેજમાં ચાલતા માસ્ટર ઑફ ઇ બિઝનેસનો પણ એમબીએ સાથે સાંકળી લેવાની પ્રક્રિયા ચાલુ છે. કેનેડાની યુનિવર્સિટીની ટીમ દ્વારા સેમકોમ કોલેજના પ્રિન્સીપાલ અને સી ઝેડ પટેલ કોલેજના ડિરેક્ટર ડૉ. નિખિલ ઝવેરીને યુનિવર્સિટીની મુલાકાત લેવા આમંત્રણ આપવામાં આવેલ છે. તેમજ કેનેડામાં રહેલી તકોનો અભ્યાસ કરીને વિદ્યાર્થીઓના લાભાર્થે ભવિષ્યમાં નવા પ્રયોજનો હાથ ધરવાની સંભાવના છે.

ચારુતર વિદ્યામંડળના ચેરમેન ડૉ. સી એલ પટેલે જણાવ્યું કે અમારો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને વૈશ્વિક નાગરિક બનાવવાનો છે. શિક્ષણના માધ્યમથી વિદેશની શૈક્ષણિક સંસ્થાઓ સાથે કરાર કરીને વિદ્યાર્થીઓને કારકિર્દી બનાવવા ઉત્તમ તક પૂરી પાડવાનો પ્રયાસ છે. અને અમા સાચા અર્થમાં આજની દુનિયાને ગ્લોબલ વિજેલ સાર્થક કરવા જઇ રહ્યા છીએ.

સેમકોમ કોલેજના પ્રિન્સીપાલ ડૉ. નિખિલ ઝવેરીએ જણાવ્યું કે કોઇ પણ શૈક્ષણિક સંસ્થા એક પ્લેટફોર્મ છે જેના દ્વારા વિદ્યાર્થીઓ પોતાનામાં રહેલી શક્તિઓને ખીલવવાનો પ્રયાસ કરે છે આ કરાર દ્વારા અમે વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે શૈક્ષણિક અનુભવ આપવા જઇ રહ્યા છે.

➢ સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન **અનુસ્નાતક હિન્દી વિભાગ**નો રાષ્ટ્રીય સેમીનાર તા. ૨૭થી ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૦૮ના રોજ યોજાઇ ગયો. સેમીનારનું ઉદ્ઘાટન જાણીતા સાહિત્યકાર પ્રો. નામવરસિંહના હસ્તે કરવામાં આવ્યું હતું તથા યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. બી. જી. પટેલ સમારંભના પ્રમુખસ્થાને હાજર રહ્યા હતા. પોતાના વકતવ્યમાં પ્રો. નામવરસિંહે મધ્યયુગીન સાહિત્ય વિશે સેમીનાર યોજવા બદલ વિભાગને અભિનંદન આપ્યા હતા. ડૉ. બી. જી. પટેલે મધ્યયુગને એકવીસમી સદી સાથે જોડી સાહિત્યની ચર્ચા બદલ શુભેચ્છાઓ પાઠવી હતી. આ સેમીનારમાં ગુજરાત તેમજ રાજ્ય બહારના વિષય તજજ્ઞો ઉપરાંત પાંચ ડઝન જેટલા પ્રતિભાગીઓ હાજર રહ્યા હતા. સાથે જ વિદ્યાર્થીઓ તરફથી પણ શોધપત્રો રજૂ કરવામાં આવ્યા હતાં. વિષય તજજ્ઞોમાં ડૉ. રતન પંડિય (મુંબઇ), ડૉ. એચ. એન. વાઘેલા (ભાવનગર), ડૉ. રામગોપાલ (અમદાવાદ), ડૉ. વી. એન. સિંહ (અમદાવાદ), ડૉ. અનિલ ચૌહાન (ખેડબ્રહ્મા), ડૉ. વિરાટ ચતુર્વેદી (વડોદરા) વિગેરે હાજર રહ્યા. આ દરમ્યાન સ્ટુડન્ટ હોલ ખાતે બે દિવસો દરમ્યાન 'અરે શરીફ લોગ' તેમજ 'કુકડૂં કૂં' એમ બે નાટકો પણ રજૂ

કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વિભાગ દ્વારા એક પત્રિકા 'વિદ્યાલોક' પણ બહાર પાડવામાં આવી જેનું વિમોચન સેમીનાર દરમ્યાન પ્રો. નામવરસિંહના હસ્તે કરાયું હતું. ઉલ્લેખનીય છે કે હિન્દી વિભાગ આ વર્ષે પોતાની કારકિર્દીના પચાસ વરસ પૂરા કરે છે ત્યારે વર્ષ દરમ્યાન વિવિધ સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. વિભાગના વડાશ્રી પ્રો. નવનીત ચૌહાન તથા હિન્દી વિભાગના સર્વે સભ્યો આ ઉજવણીને સાર્થક કરવા ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

➢ **આણંદ આર્ટ્સ કોલેજ**ના આશ્રયે વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ સહયોજિત 'ભારતીય દલિત સાહિત્ય' વિશેનો દ્વિદિવસીય પરિસંવાદ સેવા મંડળના પ્રમુખશ્રી મુ. મનુકાકાના અધ્યક્ષસ્થાને. માનદ્‌મંત્રી શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ અને અતિથિવિશેષશ્રી પૂર્વકુલપતિશ્રી ડૉ. નરેશ વેદની ઉપસ્થિતિમાં ભાઈકાકા હોલ ખાતે તાજેતરમાં યોજાયો હતો.

આ પ્રસંગે મંગલદીપ પ્રગટાવીને પરિસંવાદનું ઉદ્‌ઘાટન કરતાં શ્રીમતી જ્યોત્સનાબેન પટેલે જણાવ્યું કે ''સામાજિક અને આર્થિક અસમાનતાને કારણે સમાજમાં સર્જાતા વર્ગભેદ- વર્ણભેદને નાબૂદ કરી સામાજિક સંવાદિતા સર્જવામાં દલિત સાહિત્ય તથા આ પ્રકારના સેમિનાર ઉપકારક નીવડી શકે.'' ડૉ. નરેશ વેદે પરિસંવાદની વિષય કેન્દ્રી રૂપરેખા રજૂ કરતાં કહ્યું કે ''આદિકાળથી આજ સુધી શુદ્ર અને સ્ત્રી વર્ગ પ્રત્યે શોષણ-દમન-ઉપેક્ષા થતાં આવ્યાં છે. પરંતુ સમાજમાં શિક્ષણ-સમજ આવતાં અધિકારો માટે જાગરૂકતા આવતી ગઇ છે. પરિણામે દલિત ચેતના પ્રજ્વલિત બની છે. તેમાં સાહિત્યે દર્પણ અને દીવાદાંડી તરીકે કાર્ય કરી દલિત ચેતનાને વિશેષ ગતિ આપી, પ્રસારિત કરી છે.'' અધ્યક્ષસ્થાનેથી મુ. મનુકાકાએ આજના સંદર્ભમાં સમાજ માટે આવા સેમિનાર અને દલિત સાહિત્યને આવકારતાં આયોજકો પ્રત્યે અભિનંદન-આનંદની લાગણી વ્યક્ત કરી.

પ્રાર્થના તથા કોલેજગીતના ગાનથી પ્રારંભાયેલ ઉદ્‌ઘાટન બેઠકને આરંભે આચાર્યશ્રી ડૉ. મનોજ પટેલે સ્વાગત પ્રવચનમાં મહેમાનોને આવકારી, પરિસંવાદની ભૂમિકા સ્પષ્ટ કરી. માનદ્ નિયામકશ્રી ડૉ. આર. પી. પટેલે સંસ્થાગત પ્રવૃત્તિઓનો ખ્યાલ આપી મહાનુભાવોનો પરિચય કરાવ્યો. કાર્યક્રમને અંતે પ્રો. મુકેશ રાવલે આભારદર્શન કર્યું. સમગ્ર બેઠકનું સંચાલન સેમિનારના કન્વીનરશ્રી ડૉ. ગુણવંત વ્યાસે કર્યું.

આ દ્વિદિવસીય પરિસંવાદમાં સમગ્ર ગુજરાતમાંથી હિન્દી, ગુજરાતી, સંસ્કૃત અને અંગ્રેજી વિષયના કુલ ૪૦૦ જેટલા અધ્યાપકોએ ઉપસ્થિત રહી પોતાના શોધપત્રને આધારે દલિત સાહિત્ય વિશેના વિચારો વ્યક્ત કર્યા. વિવિધ વિષયની વિભાગીય બેઠકના અધ્યક્ષો ડૉ. નરેશ વેદ, ડૉ. પારૂકાન્ત દેસાઇ, ડૉ. નવનીત ચૌહાણ, ડૉ. અજિત ઠાકોર, ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટ, શ્રી દલપત પઢિયાર, શ્રી મોહન પરમાર, ડૉ. આર. કે. માંડલિયા, ડૉ. દયાશંકર ત્રિપાઠી, ડૉ. શિવપ્રસાદ શુક્લ, ડૉ. ઉષાબેન બ્રહ્મચારી, પ્રિ.દિલીપ પૈજા, કનુ સુણાવકર, ડૉ. આર. પી. પટેલ, ડૉ. મનોજ પટેલ વગેરેએ જે તે બેઠકને અંતે સર્વગ્રાહી વક્તવ્ય રજૂ કર્યા.

એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા, હિન્દી વિભાગના પૂર્વઅધ્યક્ષ ડૉ. પારૂકાન્ત દેસાઇના અધ્યક્ષસ્થાને યોજાયેલ સમાપન બેઠકમાં પરિસંવાદમાં ભાગ લીધેલ અધ્યાપકોમાંથી સંસ્થાની આ પ્રવૃત્તિને બિરદાવતા કેટલાક પ્રતિભાવો સાથે આભારની લાગણી વ્યક્ત કરી. ઉપરાંત, મહાનુભાવોના વરદ્‌હસ્તે પ્રમાણપત્રો એનાયત કરાયાં. સમગ્ર સેમિનારના આયોજન-વ્યવસ્થા-સંચાલન સફળતામાં આચાર્યશ્રી ડૉ. મનોજભાઇ પટેલ, અધ્યાપકો કર્મચારીઓનો સક્રિય સહયોગ સાંપડ્યો.

➢ સરદાર પટેલ યુનિવર્સિટીના **મનોવિજ્ઞાન વિભાગ તેમજ ઇન્ડિયન એસોસીએશન ઑફ હ્યુમન બિહેવીયર**ના સંયુક્ત ઉપક્રમે હેલ્થ એન્ડ બિહેવિયર પર રાષ્ટ્રીય અધિવેશન યોજાઇ ગયું.

કાર્યક્રમની શરૂઆતમાં મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ અને અધિવેશનના ડાયરેક્ટર ડૉ. એલ. આર. યાજ્ઞિકે સ્વાગત પ્રવચન કરી આવેલ મહેમાનોનો પરિચય આપ્યો હતો.

અધિવેશનના ઓર્ગેનાઇઝીંગ સેક્રેટરી ડૉ. સમીર પટેલે અધિવેશનની વિષયવસ્તુ સ્પષ્ટ કરી હતી. તેમજ આજના યુગમાં માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય અને તેની વર્તન પર કેવી અસર થાય છે તે અંગે ચર્ચા કરી હતી.

કાર્યક્રમના અતિથિ વિશેષ તેમજ ઇન્ડિયન એસોસીએશન ઑફ હ્યુમન બિહેવિયરના પ્રમુખ ડૉ. સી. જી. દેશપાંડેએ આવેગિત નિયંત્રણ અને આવેગોની અભિવ્યક્તિ ઉપર તેમનું મુખ્ય વક્તવ્ય આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે આવેગિક અસંતુલનને કારણે ઘણા બધા શારીરિક રોગો ઉત્પન્ન થાય છે. જેથી મનોવિજ્ઞાનની એક નવી શાખા વિકસી છે જેને બિહેવિયરલ મેડીસીન કહે છે.

કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી બોલતા સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. બી. જી. પટેલે જણાવ્યું હતું કે શરીરના બધા જ અંગો મહત્વના છે, તેમાં મગજ એ સૌથી મહત્વનું અંગ છે. શરીરના બધા જ અંગો વચ્ચે તાદાત્મ્યા હોવી જરૂરી છે. આપણા શરીરમાં અંતઃસ્ત્રાવો વહે છે, તેમાં જો ઉણપ હોય તો ઘણા માનસિક રોગો થઇ શકે છે.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મનોવિજ્ઞાન વિભાગના વ્યાખ્યાતા ડૉ. સંગીતા પાઠકે કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે મનોવિજ્ઞાન વિભાગના ડૉ. સુરેશ મકવાણા, ડૉ. પંકજ સુવેરા, પલ્લવી ત્રિવેદી તેમજ મનોવિજ્ઞાન વિભાગના વિદ્યાર્થી ભાઇ-બહેનોએ જહેમત ઉઠાવી હતી.

આ અધિવેશનમાં સમગ્ર ભારતમાંથી અલગ અલગ યુનિવર્સિટીના ૧૫૦ કરતાં વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

સરદાર પટેલ યુનિવર્સિટી સંચાલિત **સી. સી. પટેલ લોક વિજ્ઞાન કેન્દ્ર અને ગુજરાત સાયંસ અકાદમી**ની વલ્લભ વિદ્યાનગર શાખાના ઉપક્રમે થર્ડ જીએસી-વીવીએન-સીએસસી સાયંસ મીટ સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. બી. જી. પટેલની અધ્યક્ષતામાં તા. ૧૭-૨-૨૦૦૮ના રોજ અનુસ્નાતક ભૌતિક વિજ્ઞાન વિભાગમાં યોજાઇ હતી. ઉદ્‌ઘાટન સમારંભમાં વક્તવ્ય આપવા માટે ભાભા એટોમિક રીસર્ચ સેન્ટર, મુંબઇના ડૉ. જે. વી. યાખ્મી પધાર્યા હતા. તેમણે "**Opportunities of Multidisciplinary Aspects of Basic Sciences**" વિષયને ધ્યાનમાં લઇ વિજ્ઞાનની વિવિધ શાખાઓમાં સંશોધન કાર્ય એકબીજા પર કેવી રીતે આધારીત છે તેની ઉદાહરણ સહ વિસ્તૃત ચર્ચા કરી હતી. પ્રમુખીય ઉદ્‌બોધનમાં કુલપતિશ્રીએ ઉચ્ચ શિક્ષણમાં પ્રવર્તમાન મર્યાદાઓ અને વિસ્તરતી ક્ષિતિજોને ધ્યાનમાં લઇ એકવીસમી સદીમાં અગિયારમી પંચવર્ષીય યોજનામાં ભારત સરકારના "**Knowledge Commission**" ની ભૂમિકા સમજાવી હતી. આ સમારંભમાં વિધિવત આવકાર ભૌતિકશાસ્ત્ર વિભાગના વડા અને સાયંસ મીટ-૨૦૦૮ના કન્વીનર પ્રો. કમલનયન જોષીપુરાએ આપ્યો હતો. ગુજરાત સાયંસ અકાદમી, વિદ્યાનગર શાખાના ચેરમેન પ્રો. એ. આર. જાનીએ ગુજરાતના વૈજ્ઞાનિકોની બનેલી ગુજરાત સાયંસ અકાદમીના ઉદ્દેશ્યો, કાર્યક્ષેત્ર અને પ્રવૃત્તિ સમજાવી હતી. લોકવિજ્ઞાન કેન્દ્રના માનદ્ નિયામક પ્રો. શાંતિભાઇ પટેલે આભાર દર્શન સાથે લોક વિજ્ઞાન કેન્દ્રની પ્રવૃત્તિઓ અને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઊજવણીની રૂપરેખા રજૂ કરી હતી.

ઉદ્‌ઘાટન સમારંભ પછીની પ્રથમ ટેકનીકલ સભામાં ભાવનગર યુનિવર્સિટીના રામન્ના પ્રોફેસર આર. વી. મહેતાએ નેનો ટેકનોલોજી અને નેનો સાયંસને એકબીજા સાથે જોડી ભૂત-ભવિષ્ય-વર્તમાન વિષે ચર્ચા કરી હતી. વર્ષ ૨૦૦૭ના ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને ફીઝીયોલોજી-મેડિસીન વિષયમાં નોબેલ વિજેતાઓના કાર્ય આધારિત વ્યાખ્યાનો અનુક્રમે ડૉ. મીલીન્દ દેશપાંડે, ડૉ. દીપક રાવલ અને ડૉ. કે.સી. પટેલે આપ્યા હતા. ભોજન વિરામ પછીની સભામાં ભૌતિકવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાન, જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રની સમાંતર સભાઓમાં અનુક્રમે પ્રો. શ્રીવાસ્તવ, પ્રો. જે. એસ. પરમાર, પ્રો. કે. એસ. રાવ અને પ્રો. વસાવડા સાહેબે અધ્યક્ષ સ્થાન શોભાવ્યા હતા. છેલ્લે સમાપન સભામાં પ્રો. દત્તા મદામવારના અધ્યક્ષપદે પ્રો. ટીકેકરે સંશોધનમાં વૈજ્ઞાનિક સંશોધનમાં વૈજ્ઞાનિક પદ્ધતિઓ, પ્રો. દર્શન ચોકસીએ વૈજ્ઞાનિક સંશોધનમાં કોમ્પ્યુટરનો ઉપયોગ અને પ્રો. એલ. એમ. મનોચાએ સ્પર્ધાત્મક જગતમાં વૈજ્ઞાનિક સંશોધનનું મહત્વ અને ભૂમિકા સમજાવી હતી. આ એક દિવસીય સંમેલનમાં આણંદ અને વિદ્યાનગરમાં વૈજ્ઞાનિક સંશોધન કાર્ય સાથે સંકળાયેલ ૧૦૦ કરતાં વધારે જ્ઞાનપિપાસુઓએ લાભ લઇ "**Understanding Planet Earth**" વિષય પર રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરી હતી.

- સી. સી. પટેલ લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા અંધશ્રદ્ધા નિવારણ અંગેના નિદર્શન કાર્યક્રમોનું તા. ૧૧થી ૧૨ ફેબ્રુઆરી ૨૦૦૮ દરમ્યાન એન. એચ.પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, આણંદ એજ્યુકેશન કોલેજ, એમ. બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન અને આઇ. જે. પટેલ જેવી બી.એડ. કોલેજોમાં આયોજન કરેલ હતું. આશા છે કે આવા નિદર્શન કાર્યક્રમોથી પ્રેરાઇ બી.એડ. તાલીમાર્થીઓ કે જેઓ આવતીકાલના શિક્ષકો બનવાના છે, તેઓ અંધશ્રદ્ધા નિવારણમાં માર્ગદર્શક બની રહે. વિષય નિષ્ણાત તરીકે ગૂજરાત વિદ્યાપીઠના ગ્રામ્ય વિજ્ઞાન પ્રસારણ કેન્દ્રના અધ્યાપક શ્રી અનિલભાઇ પટેલે સેવા આપી હતી. લોક વિજ્ઞાન કેન્દ્રના માનદ્ નિયામક પ્રો. શાંતિભાઇ પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. કાર્યક્રમનાં સંચાલનમાં સી.સી. પટેલ લોક વિજ્ઞાન કેન્દ્રનાં સાયંસ ઈન્સ્ટ્રક્ટર મીહીર રાણાનો પણ સહયોગ રહ્યો હતો.

- **સી. સી. પટેલ લોક વિજ્ઞાન કેન્દ્ર અને ભારત સરકારના મીનીસ્ટ્રી ઑફ સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ સંચાલિત સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ સર્વિસ ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ**ના સહયોગથી અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગમાં બે દિવસીય નિદર્શન શાળાનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ શાળામાં યુવાનોમાં લઘુઉદ્યોગ-સાહસિકતા કેળવાય તે હેતુસર વિવિધ કેમીકલ આઇટમોનું પ્રત્યક્ષ નિદર્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં કેમીકલ આઇટમો જેવી કે પેઇન બામ, લીક્વીડ ડીટરજન્ટ, ક્લીન્ઝીંગ/વોશીંગ પાઉડર, ટોઇલેટ/મારબલ/ગ્લાસ ક્લીનર, લીક્વીડ બ્લ્યુ, ફીનાઇલ કમ્પાઉન્ડ, હર્બલ મૉસ્ક્યુટો લીક્વીડ, વેક્સ કેન્ડલ અને કોસ્મેટીક્સ આઇટમો જેવી કે ફેઇસ પેક, હેર પેક, શેમ્પુ- હર્બલ/સિન્થેટીક, ક્લીન્ઝીંગ મિલ્ક, બોડી લોશન, સન સ્ક્રિન લોશન, વેસેલીન, ક્રેક ક્રિમ, હેર રિમુવલ વેક્સ, રોઝ વોટર વગેરે બનાવવાની તાલીમ આપવામાં આવી હતી. આ કાર્યશાળામાં કુલ ૭૦ યુવક-યુવતીઓએ ભાગ લીધો હતો.

બે દિવસીય કાર્યશાળામાં લઘુઉદ્યોગ સ્થાપવાની તૈયારી, માર્કેટીંગ, પ્રોડક્ટનું વેચાણ, ક્વોલીટી તથા ઉદ્યોગ સ્થાપવા માટે શું જરૂરી છે તે વિશે જ્ઞાન આપવામાં આવ્યું હતું. નિદર્શનના પ્રયોગો અમદાવાદથી પધારેલ વિષય નિષ્ણાત શ્રી કમલેશ મેહતાએ કર્યું હતું. ત્યારબાદ સમાપન કાર્યક્રમ સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. બી. જી. પટેલની અધ્યક્ષતામાં યોજ્યો હતો જેમાં રસાયણશાસ્ત્ર વિભાગના વડા પ્રો. જે. એસ. પરમારે મહેમાનોને પુષ્પગુચ્છથી આવકારી તેમનો પરિચય આપ્યો હતો. એમ. એસ.એમ.ઇ.ના નિયામકશ્રી કે. શામજીએ સદર કાર્યક્રમોની અગત્યતા સમજાવી હતી. ત્યારબાદ ડૉ. બી. જી. પટેલે તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે જો મિકેનીકલ એન્જિનિયર બાથરૂમનો બગડી ગયેલો નળ રીપેર ન કરી શકે તો કેવી શરમજનક બાબત ગણાય એમ જો રસાયણશાસ્ત્રના વિદ્યાર્થી ઘર વપરાશની કેમીકલ પ્રોડક્ટ વિશે અજ્ઞાન રહે એ કેમ ચાલે. સાચા અર્થમાં આ નિદર્શન શાળા ભાવિ રસાયણવિદ્‌ોને ઉપકારક નીવડશે. નાના ઉદ્યોગ સ્થાપવા માટેની પૂર્વભૂમિકા અને પ્રોડક્ટની ક્વોલીટી અંગેની જાણકારી માટેની કાર્યશાળાના આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા. અંતમાં સી.સી. પટેલ લોકવિજ્ઞાન કેન્દ્રના માનદ્ નિયામકશ્રી ડૉ. શાંતિભાઇ પટેલે સૌનો આભાર માની કાર્યક્રમનું સમાપન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન રસાયણશાસ્ત્ર વિભાગના રીડર ડૉ. ડી. કે. રાવલે કર્યું હતું. જેમાં કુ. નયના પટેલ અને મીહીર રાણાનો પણ સહયોગ રહ્યો હતો.

- **સી.સી. પટેલ લોકવિજ્ઞાન કેન્દ્ર** દ્વારા આયોજિત ચાર દિવસીય ગણિતના વર્કશોપનું આયોજન થયું હતું. ઉદ્ઘાટન પ્રસંગે કેન્દ્રના માનદ્ નિયામક પ્રો. શાંતિભાઇ પટેલ અને આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયંસ કોલેજના આચાર્ય ડૉ. વિમલ જોષીના આશીર્વાદથી કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટક તરીકે વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીના ગણિત વિભાગના અધ્યક્ષ પ્રો. પાટડિયા સાહેબ અને મુખ્ય મહેમાન તરીકે વલ્લભ વિદ્યાનગરની એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશનના પ્રાચાર્ય ડૉ. એન. આર. પટેલે સંબોધન કર્યું હતું. પ્રો. પાટડિયાએ ગણિતનું સાંસ્કૃતિક મહત્વ સમજાવ્યું અને વર્તમાન સમયમાં ગણિતનો અભ્યાસક્રમ અને શિક્ષણ કાર્યને રસપ્રદ કેવી રીતે બનાવવું તેની ચર્ચા કરી.

ડૉ. એન. આર. પટેલે જ્ઞાન શું છે ? તેની ચર્ચા કરી અને આંતિરક તથા બાહ્ય પરિબળોને આંતરક્રિયા દ્વારા જ્ઞાનના વિકાસને પ્રેરવા માટે અગત્યની ચર્ચા કરી.

ડૉ. એમ. એચ. વસાવડાએ ગણિતને રસપ્રદ બનાવવા ગણિતના ઇતિહાસને વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવાનું માર્ગદર્શન આપ્યું ગણિત વિષયમાં મોડેલનું મહત્વ પણ સમજાવ્યું તેમજ વિદ્યાર્થીઓ વિચારતા થાય તે માટે વિવિધ ભૌમિતિક આંકડાકીય કોયડાઓની રજૂઆત કરી તેમની તાર્કિક શક્તિ વિકસાવવાનું માર્ગદર્શન આપ્યું.

પ્રો. ઉદયન પ્રજાપતિ દ્વારા રામાનુજન ગણિત મંડળ દ્વારા લેવાતી ગણિતની આંતરરાષ્ટ્રીય સ્પર્ધાના વિવિધ તબક્કાની ચર્ચા કરી અને તેનું મહત્ત્વ સમજાવ્યું તથા આવી પરીક્ષાઓમાં ઉપયોગી ગાણિતિક કોયડાઓના ઉકેલની પદ્ધતિઓની ચર્ચા કરી તેમજ તેના દ્વારા વિદ્યાર્થીઓની માનસિક શક્તિમા વધારો કરી શકાય તે માટેની ચર્ચા કરી.

પ્રો. ધર્મેશભાઇ પટેલ દ્વારા વર્કશોપનું મુખ્ય હેતું **"What is Mathematics; Really ?"** ને સાર્થક કરવા માટે ગણિત એ માત્ર પુસ્તકમાં જ છે એવું નથી પણ વ્યવહારમાં કોઇ ક્ષેત્ર એવું નથી જ્યાં ગણિત નથી, તેના રસિક ઉદાહરણો રજૂ કરીને ગણિતનું મહત્ત્વ સમજાવ્યું. ડૉ. મિલનભાઇ શાહ દ્વારા ગણિતના શિક્ષણ કાર્યને રસપ્રદ બનાવવા જ્ઞાન, સમજ, ઉપયોગ, કૌશલ્ય, રસ, વલણ અને કદરને સાંકળીને કઇ રીતે ગણિતનું શિક્ષણ કરી શકાય તેની માહિતી આપી. આ સમગ્ર દિવસોમાં મહેમાનો તેમજ દરેક તાલીમાર્થીઓએ ઊંડાણપૂર્વકની સઘન ચર્ચા કરી. પ્રો. પી. કે. વ્યાસ દ્વારા મોડેલ શો રજૂ થયો. જેમણે ગાણિતિક મોડેલ, અંકગણિતની ગમ્મત તથા વિશિષ્ટ રીતો દ્વારા ગુણાકાર તેમજ અન્ય ગાણિતિક ક્રિયાને રસપ્રદ કેવી રીતે બનાવાય તે વિશે સઘન ચર્ચા કરવામાં આવી.

આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયંસ કોલેજના ગણિત વિભાગના અધ્યક્ષ સ્નેહલ શુક્લએ પ્રેઝન્ટેશન રજૂ કરી ‘‘ખરેખર ગણિત શું છે ?’’ તે વિશે માહિતી આપી ગણિતને યોગ્ય રૂપરેખા દ્વારા વિદ્યાર્થીઓ સમક્ષ કેવી રીતે લઇ શકાય તેની માહિતી આપી. ત્યારબાદ એક અનોખા અદ્ભુત કાર્યક્રમ- ‘‘ગણિત-સંસદ’’નું આયોજન સ્નેહલ શુક્લ દ્વારા કરવામાં આવ્યું. જેમાં ગણિત ચિંતનના પ્રશ્નોની ખૂબ ઝીણવટ અને રસપૂર્વક ચર્ચા થઇ. સમગ્ર સાંસદની વિશિષ્ટ સઘન ચર્ચા થઇ. ત્યારબાદ આ કાર્યક્રમનો પૂર્ણાહૂતિ કાર્યક્રમ આ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી, આર. કે. સ્કુલના આચાર્ય અને મ્યુનિસિપલ કાઉન્સીલર શ્રી ભરતભાઇના પ્રમુખ સ્થાને યોજાયો હતો.

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **વેમેઇડ કોલેજ ઑફ એજ્યુકેશન**ના Environmental Education પદ્ધતિના વિદ્યાર્થીઓએ સ્થાપેલ Eco Buddies Club અને Social Science પદ્ધતિના વિદ્યાર્થીઓના Global Buddies Club દ્વારા તા. ૧૨-૨-૨૦૦૮ના રોજ એક કાર્ય શિબિર ‘‘આપણી સૃષ્ટિનું જતન’’ (Save the Mother Earth)નું આયોજન હતું. આ શિબિરને વધુ રસપ્રદ બનાવવા તેમાં નેચર કલબ ઑફ વલ્લભ વિદ્યાનગરનો સહયોગ પણ લીધો હતો. આ કાર્ય શિબિરમાં આણંદ-વિદ્યાનગરની શાળાઓના ૫૦ વિદ્યાર્થીઓ તથા ૫ જેટલા શિક્ષકોએ ભાગ લીધો હતો. શિબિરનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં આપણી સૃષ્ટિના પર્યાવરણ બાબત જાગૃતિ લાવવા અને તેની સંભાળ વિશે સંવેદનશીલતા કેળવવાનો હતો. સાથે સાથે સૃષ્ટિની સુરક્ષા અને તેના જતનનું તેમજ પર્યાવરણનું પ્રદૂષણ ઓછું કરવા સજાગતા કેળવવાનો હતો. જેમાં મુખ્ય ત્રણ બાબત માટેના સૂચનો હતા. વસ્તુઓના વપરાશમાં ઘટાડો (Reduce), વસ્તુઓનો પુનઃઉપયોગ (Reuse) તથા વસ્તુઓનું પરિવર્તન કરી તેનો ફરી ઉપયોગ (Recycle) કેવી રીતે કરી શકાય તેની જાણકારી આપવાનો હતો.

શિબિરની પ્રવૃત્તિઓ ત્રણ વિભાગમાં વહેંચાયેલી હતી. પ્રથમ વિભાગમાં Eco Buddies Clubના પ્રશિક્ષણાર્થીઓએ કુદરતી ખાતર બનાવવા માટેનું નિદર્શન કર્યું હતું. તે ઉપરાંત બીજા અનેક પ્રયોગોનું નિદર્શન કર્યું હતું. તે ઉપરાંત પ્રદૂષણ તેમજ પર્યાવરણના પ્રશ્નો વિશે જાગૃતિ લાવવા માટે અનેક ચાર્ટ તેમજ પ્રતિકૃતિનું પ્રદર્શન ગોઠવ્યું હતું. જેમાં Air Pollution, Ecological Pyramid, Acid Rain, Renewable Energy જેવી કે Solar and Wind energy ના સાધનોને બતાવવામાં અને સમજાવવામાં આવ્યાં હતા. તે ઉપરાંત LCD દ્વારા પણ માહિતી આપવામાં આવી હતી અને પર્યાવરણના પ્રશ્નો ઉપર તૈયાર કરેલ રમત પણ રમાડવામાં આવી હતી.

દ્વિતીય વિભાગ Global Buddies Clubએ સંભાળ્યો હતો. જેમાં Social Science પદ્ધતિના પ્રશિક્ષકોએ 'Global Warming' શું છે તેના કારણો અને સૃષ્ટિને આ સમસ્યામાંથી કેવી રીતે બચાવી શકાય અને આ Global Warmingને આપણે એક ચેતવણી (warning) ગણવી જોઇએ તે તેના ઉપરથી તૈયાર કરેલી પ્રતિકૃતિઓ દ્વારા સમજાવ્યું હતું. ઔદ્યોગિક, વાહનોનું, વાયુનું, જળનું અને પ્લાસ્ટીકનાં પ્રદૂષણો અમુક અંશે ઓછા કરી શકાય તે વિષે પણ માહિતી આપી હતી. આપણા પર્યાવરણની સુરક્ષા માટેના સૂચનો માટેની પ્રતિકૃતિઓ પણ દર્શાવી હતી. જેમાં સીસારહિત બળતણનો ઉપયોગ, જાહેર વાહન વ્યવસ્થાઓનો વધુ ઉપયોગ કરવો, પુનઃનિર્મિત ઉર્જાના ઉપયોગો ઉપર દાખલાઓ દર્શાવવામાં આવ્યા હતા. આપણા જંગલો બચાવવા તેમજ નવા વૃક્ષો વાવવા માટેના સૂચનો પણ કર્યા હતા અને પ્લાસ્ટીકની કોથળીઓને બદલે કાગળ કે કપડાની થેલીઓ વાપરવા ઉપર ખૂબ ભાર મૂક્યો હતો. સાથે સાથે Reduce, Reuse અને

Recycle કરેલી વસ્તુઓના નમૂનાઓનું પ્રદર્શન પણ ગોઠવ્યું હતું. તે ઉપરાંત Global Warmingના અનેક દુન્વયી પ્રશ્નો ઉપર તૈયાર કરેલી રમત પણ દુનિયાના મોટા નકશા ઉપર રમાડી હતી. જેમાં વિદ્યાર્થીઓને ગમ્મત સાથે જ્ઞાન મળ્યું હતું.

ત્રીજો વિભાગ વલ્લભ વિદ્યાનગર નેચર ક્લબે સંભાળ્યો હતો. તેઓએ નેચર ક્લબની પ્રવૃત્તિઓ વિષે માહિતી આપી. બાળકોએ આપણા પર્યાવરણ તેમજ સૃષ્ટિનું સંરક્ષણ કરવું ખૂબ જ જરૂરી છે-તે સમજાવવા એક Documentary Film 'મુજે જીને દો' બતાવી હતી. જેમાં ઔદ્યોગિક, જળ, વાયુ, વાહનો અને પ્લાસ્ટીકથી થતા પ્રદૂષણો દ્વારા શ્વસનેન્દ્રિય અવયવો તેમજ ચામડીના અનેક રોગ બાળકોને લાગુ પડે છે તે એક કરુણ કથા દ્વારા સમજાવ્યું હતું. આ બધા પ્રદૂષણો તાત્કાલિક અટકાવવા જોઇએ એમ તેઓને સમજાવ્યું હતું. ત્યારબાદ પ્રશ્નોત્તરી થઇ હતી અને વિદ્યાર્થીઓ આપણી સૃષ્ટિનું સંરક્ષણ કરવા સજાગ બન્યાં હતાં.

ત્યારબાદ નેચર ક્લબના પ્રતિનિધિ દ્વારા જુદા જુદા પ્રકારના સર્પની ઓળખ સાચા સર્પ બતાવી આપવામાં આવી હતી અને સાથે સાથે પર્યાવરણમાં સર્પનું સ્થાન અને તેનું મહત્વ સમજાવ્યું હતું. વિદ્યાર્થીઓને આ રજૂઆતમાં ખૂબ જ રસ પડ્યો હતો. ઝેરી સર્પ કોબરા પણ બતાવ્યો હતો. આ સર્પ માહિતીમાં વિદ્યાર્થીઓએ ઘણાં પ્રશ્નો પૂછ્યાં હતા અને પર્યાવરણમાં સર્પ તેમજ બીજા જીવોનું મહત્વ તેઓ સમજ્યાં હતાં.

➢ સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા ચાલતા **ભાઈકાકા અધ્યયન એકમ પ્રકલ્પ ચેર**ના ઉપક્રમે ચાલુ વર્ષે સરદાર પટેલ યુનિવર્સિટીની કોલેજો અને અનુસ્નાતક વિભાગના અધ્યાપકો માટેની એક નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય હતો ''પૂ. ભાઈકાકા-વિદ્યાપીઠના સાચા ઘડવૈયા તરીકે'' જેમાં એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશનના પ્રા. ડૉ. પ્રફુલ્લાબેન સી. અમીન તથા પ્રા. ઉષાબેન એસ. શારડા અનુક્રમે પ્રથમ અને દ્વિતીય ક્રમાંકે વિજેતા થઇ પારિતોષિક મેળવ્યું છે અને સરદાર પટેલ આર્ટ્સ કોલેજ, બોરીઆવીના અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક શ્રી અલ્પેશકુમાર ડી. પટેલે ભાગ લઇને સરદાર પટેલ યુનિવર્સિટીમાં તૃતીય નંબર મેળવીને પારિતોષિક પ્રાપ્ત કર્યું છે. અભિનંદન !

➢ **અનુસ્નાતક શિક્ષણશાસ્ત્ર વિભાગ**માં શ્રીમતી જોહરાબેન સ્મૃતિ વ્યાખ્યાનમાળામાં 'પરિવર્તનના કલાખંડમાં ભારતીય શિક્ષણ ચિંતન' વિષય પર પ્રિ. ગિરીશભાઇ ઠાકર-નિવૃત્ત આચાર્યશ્રી, પાલનપુર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. પ્રિ. ગિરીશભાઇ ઠાકરે ભારતીય શિક્ષણ ચિંતનની વિભાવના વિસ્તૃત રીતે સમજાવી સમયના પડકારોને ખીલવવાનું સામર્થ્ય ભારતીય શિક્ષણ ચિંતનમાં છે તે સ્પષ્ટ કર્યું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રોફેસર બી. જી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને તેઓએ જ્ઞાનની વિસ્તરતી ક્ષિતિજો અને શિક્ષકની ભૂમિકા અંગે મનનીય વિચારો રજૂ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ બે બેઠકોમાં સમ્પન્ન થયો હતો. બીજું સત્ર ચર્ચાસત્ર હતું-તેમાં વિદ્યાર્થીઓએ પ્રવચન આધારિત અનેક પ્રશ્નો પૂછી વિદ્વાન વક્તાના અનુભવ અને જ્ઞાનનો લાભ લીધો હતો. સ્વાગત પરિચયનું કાર્ય ડૉ. મહેશચન્દ્ર યાજ્ઞિક દ્વારા થયું હતું અને ચર્ચાસત્રના પ્રવર્તક તરીકેનું કાર્ય ડૉ. એમ. એ. ચોટલિયાએ કર્યું હતું. આ પ્રવૃત્તિના ઇન્ચાર્જ ડૉ. વી. ડી. મોગરીઆએ જહેમત લીધી હતી.

➢ **સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ,** આણંદના એસ.વાય.બી.સી.એના વિદ્યાર્થી **શ્રી જયદીપ છાસટીયા**એ એન.વી. પટેલ કોલેજમાં યોજાયેલ આંતર કોલેજ ટેકનોએસ્ટ્રમ ડેટા માઈનિંગ સ્પર્ધામાં ભાગ લઇ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

- વિઠ્ઠલ ઉદ્યોગનગર દ્વારા વિદ્યાનગરનાં શાસ્ત્રીમેદાન ખાતે તા. ૮-૧-૨૦૦૮થી તા. ૧૨-૧-૨૦૦૮ સુધી યોજાયેલા 'વિદ્યોગ-૨૦૦૮'ઔદ્યોગિક મેળામાં સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત, આણંદની **સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ**ના ટી.વાય.બી.બી.એ (આઈટીએમ)ના વિદ્યાર્થીઓ **નિસર્ગ શાહ, મેહુલ ઠક્કર, ધર્મેશ સંખારવા, ચિંતન ફડદુ, રવિકાંત મિસ્ત્રી, કૌશિક સંખારવા, વિરલ ભટ્ટ, વિવેક પોપટ, લોકેન્દ્ર મહાવીર, જલજ દવે અને નિરંજન અદરોજા**એ ડૉમ મેનેજર તરીકે ભાગ લઇ નેતૃત્વ અને સંચાલનની વ્યવહારું સમજ મેળવી કોલેજનું ગૌરવ વધારેલ છે.

- આ જ કોલેજ ખાતે આણંદનો ૩૮મો વાર્ષિક ખેલકૂદ રમતોત્સવ તાજેતરમાં કોલેજના આચાર્યશ્રી એ.ડી. શાહના સાનિધ્યમાં યોજવામાં આવ્યો હતો.

કોલેજમાંથી બી.કોમ., બી.બી.એ., બી.સી.એ., બી.બી.એ. (આઇ.ટી.એમ.) અને એમ.કોમ. વિભાગના વિદ્યાર્થી ભાઇ-બહેનોએ જુદી જુદી રમતોમાં ભાગ લીધો હતો. તેમાં ભાઇઓમાં જનરલ ચેમ્પિયન હિતેષ આર. પટેલ (ટી.વાય.બી.બી.એ.) તથા રનર્સ-અપ યાસિન વ્હોરા (એફ.વાય.બી.કોમ.), રઘુરાજ ઠાકોર (ટી.વાય.બી.કોમ.) થયા હતા. બહેનોમાં જનરલ ચેમ્પિયન ફરજાના પઠાણ (એમ.કોમ.-૧) અને રનર્સ-અપ જલ્પા પરમાર (એસ.વાય.બી.કોમ.) બન્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના ફિઝિકલ ઇન્સ્ટ્રક્ટર રાકેશભાઇ પટેલે કર્યું હતું.

- આ જ કોલેજ ખાતે નેશનલ એક્રેડીટેશન એન્ડ એસેસમેન્ટ કાઉન્સીલ દ્વારા તા. ૨૬ અને ૨૭ ફેબ્રુઆરી દરમ્યાન પિયર કમિટીની મુલાકાત યોજાઇ હતી. આ કમિટીના અધ્યક્ષ તરીકે કે. એલ. યુનિવર્સિટી બેલગામનાં કુલપતિશ્રી ડૉ. ચંદ્રકાન્ત કોકાટે હતા અને નેક કમિટીનાં કો-ઓર્ડિનેટર તરીકે બહેરામપુર યુનિવર્સિટી (ઓરિસ્સા)નાં પ્રો. પી. કે. બિશ્વાસરે તથા કમિટીનાં સભ્ય તરીકે પટણાની વિમેન્સ કોલેજના આચાર્ય સિસ્ટર ડોરીસ ડીસોઝા ઉપસ્થિત રહ્યા હતા.

➢ **આણંદ કોમર્સ કોલેજ**નાં સંગીત પ્રભાત કાર્યક્રમનું આયોજન કોમ્યુનિટી હોલ, મોરારજી ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું હતું. આ

કાર્યક્રમમાં ગીત અને નૃત્યની હરીફાઈ યોજવામાં આવી હતી, જે પૈકી ગીતોની સ્પર્ધામાં ત્રણ વિદ્યાર્થીઓ તથા નૃત્યની સ્પર્ધામાં ત્રણ ગ્રુપ વિજેતા જાહેર થયા હતા.

- **આણંદ કોમર્સ કોલેજ**, આણંદના બી.બી.એ. (ફોરેન ટ્રેડ) વિભાગના ઉપક્રમે તાજેતરમાં અમદાવાદ ખાતે આવેલ સરદાર પટેલ આંતરરાષ્ટ્રીય હવાઈમથકની એક દિવસીય ઔદ્યોગિક મુલાકાત લેવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓએ આંતરરાષ્ટ્રીય વેપારમાં આયાત-નિકાસના વિવિધ પાસાઓની સમજ મેળવી હતી. વિદ્યાર્થીઓએ હવાઈમથક, વેર હાઉસ તથા એક્ષપોર્ટ-ઈમ્પોર્ટ ડીપાર્ટમેન્ટમાં થતી પ્રક્રિયાઓ ખૂબ જ ચીવટપૂર્વક નિહાળી હતી. વિદ્યાર્થીઓની સાથે કોલેજના આચાર્ય શ્રી બી.સી. ગાંધી સાહેબ તથા શ્રી પી. બી. ત્રિવેદી સાહેબ અને અધ્યાપક મિત્રો પણ જોડાયા હતા. ગુજરાત સ્ટેટ એક્ષપોર્ટ કંપની લિમીટેડના જનરલ મેનેજર શ્રી સંદીપ ચાવડાએ વિદ્યાર્થીઓને આયાત-નિકાસ પ્રક્રિયામાં હવાઈ માર્ગના ફાયદાઓ વિશે સમજ આપી હતી તથા સીનીયર મેનેજર શ્રી હેમલ જોષીએ દશ્ય-શ્રાવ્ય સાધનો દ્વારા વિદ્યાર્થીઓને ગુજરાત સ્ટેટ એક્ષપોર્ટ કંપની વિશેની વિસ્તૃત માહિતી આપી હતી.

➢ **એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન,** આણંદના ઉત્તરસંડા જુથ દ્વારા શ્રી આઈ. જે. પટેલ કન્યા વિદ્યાલયમાં પતંગ પ્રદર્શન અને તેની વિવિધ બાબત પર પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં ઉતરાયણ અને સામાજિક મહત્ત્વ, ધાર્મિક મહત્ત્વ, પતંગ અને રાજકારણ, વિવિધ સ્વરૂપના પતંગ, વિવિધ પ્રકારની દોરીઓ, પતંગ અંગેનું ગણિત અને વિજ્ઞાન, આયુર્વેદની દષ્ટિએ ઉતરાયણનું મહત્ત્વ, પતંગ પર આધારિત ફિલ્મો અને કવિતાઓ, પતંગ અંગેના મ્યુઝિયમની જાણકારી, પક્ષી બચાવો, પતંગ દ્વારા રોજગારીની તકો વગેરે જેવી વિવિધ બાબતોને લગતા ચાર્ટ તાલીમાર્થીઓ દ્વારા મુકવામાં આવ્યા હતા.

- આ જ કોલેજ ખાતે ઉત્તરસંડા જુથ દ્વારા શ્રી આઈ. જે. પટેલ કન્યા વિદ્યાલયમાં સંગીતખુરશી, સારેગમ સ્પર્ધા, ક્વિઝ કોમ્પિટીશન, સંસ્કૃત શ્લોક ગાન, કેશ ગુંફન, મહેંદી સ્પર્ધા જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ અને દ્વિતીય ક્રમે આવનાર બહેનોને ઈનામો દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

તાલીમાર્થીઓ દ્વારા મનોવૈજ્ઞાનિક કસોટી અંતર્ગત સર્જનાત્મક કસોટીથી શાળાની બહેનોની સર્જનાત્મક શકિત વધારવા માટેના સુચનો તાલિમાર્થીઓ દ્વારા તથા તેમના ઈન્ચાર્જ પ્રા. ઉષાબેન શારડા દ્વારા કરવામાં આવ્યા હતા. વધુમાં તાલીમાર્થીઓ દ્વારા શાળાની વિદ્યાર્થિનીઓની વક્તૃત્વકળા ખીલે તે માટે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, જેના વિષયો મેરા ભારત મહાન, આતંકવાદ અને આધુનિક નારી રાખવામાં આવ્યા હતા.

- આ જ કોલેજ ખાતે રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. રમતોત્સવનું ઉદ્‌ઘાટન અતિથિ વિશેષ શ્રી બી. કે. પટેલ સાહેબે મશાલ પ્રગટાવી કર્યું હતું. કોલેજના આચાર્ય પ્રિ. ડૉ. ડી. યુ. પટેલ સાહેબે મહેમાનશ્રીનો પરિચય આપી સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે તાલીમાર્થી ભાઈ-બહેનોએ વીર ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, સરદાર તથા લક્ષ્મીબાઈ એમ ચાર વિભાગમાં ફ્લેગમાર્ચ કરી રમતોત્સવનો પ્રારંભ કર્યો હતો. પ્રા. જયકર એ. મેકવાને સ્પોર્ટ્સ અંગેની પ્રતિજ્ઞા લેવડાવી હતી. ત્યારબાદ ડી.ઈ.ઓ. શ્રી બી. કે. પટેલ સાહેબે પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું.

રમતોત્સવમાં ૧૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડ, કોથળા દોડ, લાંબી કૂદ, સિક્કા શોધ, સ્લો સાઈકલ-ભાઈઓ તથા બહેનો; લાંબી કૂદ-ભાઈઓ તથા બહેનો, દોરડા કૂદ, સંગીત ખુરશી, લીંબુ ચમચી દોડ, ખો-ખો-બહેનો, કબડ્ડી-ભાઈઓ જેવી રમતો યોજાઈ હતી. રમતમાં થયેલ સર્વ વિજેતાઓને મેડલ આપવામાં આવ્યા હતા. ભાઈઓમાં ચૌધરી ધીરુભાઈ તથા બહેનોમાં પ્રજાપતિ કૃપાબેન ચેમ્પિયન બન્યા હતા. વિવિધ રમતો માટે રેફરી તરીકે સી.પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજના ફીઝીકલ ઈન્સ્ટ્રક્ટર શ્રી રાકેશભાઈ પટેલ તથા વિ. જે. પ્રેક્ટીસીંગ સ્કૂલના ડી.પી.એડ્. શિક્ષકશ્રી સંજયભાઈ નાયકે પ્રશંસનીય કામગીરી કરી હતી. સમગ્ર રમતોત્સવનું સંચાલન કાર્ય પ્રા. જયકર એસ. મેક્વાને સંભાળ્યું હતું. અંતમાં કિરણભાઈ ડિકલિયાએ આભારવિધિ કરી હતી.

- આ જ કોલેજ ખાતે વર્લ્ડ સાયન્સડ ડેની ઉજવણી કરવામાં આવી હતી. ડૉ. પ્રફુલ્લાબેન સી. અમીને સમગ્ર કાર્યક્રમ અંગેની રૂપરેખા આપી કાર્યક્રમની શરૂઆત કરી હતી. આ પ્રસંગે તાલીમાર્થી વર્મા મિતેશે આ દિવસની ઉજવણી મહત્તા અને મહાન વૈજ્ઞાનિક સી. વી. રામન તેમજ તેમને કરેલ શોધો વિશે ટૂંકમાં પોતાના વિચારો રજૂ કર્યા હતા. તાલીમાર્થી કિશુ દેવાએ ગ્લોબલ વોર્મિંગ તથા તેની આડ અસરને કારણે પૃથ્વી પર થતા ફેરફારો વિશે ખૂબ રસપ્રદ માહિતી આપી હતી. આ પ્રસંગે ગ્લોબલ વોર્મિંગ પર આધારિત ફિલ્મ ''ધ ડે આફ્ટર ટુમોરો'' તાલીમાર્થી ભાઈ બહેનોને બતાવવામાં આવી હતી. તથા તે અંગે પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ મૉડેલ તથા ચિત્રો રજૂ કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. પી. સી. અમીન તેમજ ડૉ. જે. જે. દિક્ષિતના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

➢ રોટરી કલબ, આણંદ રાઉન્ડ ટાઉન દ્વારા યોજાયેલ અમુલ 'વોલ્કેનો ૨૦૦૮'માં **બી.વી.એમ. એન્જી. કોલેજ**ના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જે પૈકી નીચે મુજબના પુરસ્કારો પ્રાપ્ત થયેલ છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | ક્વીઝ કોમ્પીટીશન | - | સ્મિત માહેશ્વરી | - પ્રથમ |
| ૨. | ફેશન શો | - | બીવીએમ ગૃપ | - તૃતીય |
| ૩. | ડમ્બ શેરાર્ડસ | - | બીવીએમ ગૃપ | - તૃતીય |

ક્વીઝ સ્પર્ધામાં સ્મિત માહેશ્વરી અને મંથન શાહે પ્રથમ પારિતોષિક પ્રાપ્ત કરેલ છે. તદ્‌ઉપરાંત ફેશન શો અને ડમ્બ શેરાર્ડસમાં પણ પદક મેળવી સંસ્થાનું ગૌરવ જાળવી રાખ્યું છે.

**અનુસ્નાતક ગુજરાતી વિભાગ**ના ઉપક્રમે તાજેતરમાં સંત કવિ ભોજા ભગત કાવ્ય સ્પર્ધાનું આયોજન થયું હતું. યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજો અને અનુસ્નાતક વિભાગોના વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. સ્પર્ધામાં પ્રથમ સ્થાન અનુસ્નાતક ગુજરાતી વિભાગના એમ.એ. ફાઈનલના વિદ્યાર્થી સંજય ચોટલિયાને 'આટલી ભીડમાં ન હોઉં એક હું, શું ફર્ક પડે ?' કાવ્ય માટે પ્રાપ્ત થયું છે. સ્પર્ધાના દ્વિતીય ક્રમના વિજેતા છે અનુસ્નાતક ગુજરાતી વિભાગના એમ.એ. ફાઈનલના વિજય એમ. ઝાલા એમણે 'મારા મનના મેવાડમાં, ગિરિધરના ગુણગાન ગાય છે ગૂપચૂપ મીરાં નસ-નાડમાં' ગીત રજૂ કર્યું હતું. અશોક એન્ડ રીટા પટેલ ઈન્સ્ટિ. ઑફ ઈન્ટીગ્રેટેડ સ્ટડી એન્ડ રિસર્ચ ઇન બાયોટેકનોલોજી એન્ડ એપ્લાઇડ સાયન્સીસ, ન્યૂ વિદ્યાનગરના ગુંજન હર્ષદકુમાર વ્યાસની ગઝલ 'બેવફાઈ'ને ત્રીજું સ્થાન પ્રાપ્ત થયું હતું.

- **અનુસ્નાતક ગુજરાતી વિભાગ**ના ઉપક્રમે યોજાયેલી સદ્ગત પ્રાધ્યાપક જશભાઈ કા. પટેલ કાવ્યસ્પર્ધામાં ભૂમિકા ઈશ્વરદાન ગઢવી (એમ.એ.-પ્રિવિયસ, અનુ. ગુજરાતી વિભાગ) પ્રથમ વિજેતા ઘોષિત થયાં હતાં. એમણે આ કાવ્ય સ્પર્ધામાં 'ખંડેર' કાવ્ય રજૂ કર્યું હતું. સ્પર્ધામાં બીજા સ્થાને વિજય એમ. ઝાલા (એમ.એ.-ફાઈનલ, અનુ. ગુજરાતી વિભાગ) વિજેતા થયા હતા. એમણે 'મારી નસમાં ઊગીને લહેરી ઊઠે છે એક થનગનતું લીલું છમ મબલખ ખેતર!' ગીત પ્રસ્તુત કર્યું હતું. આણંદ ઇન્સ્ટિટ્યૂટ ઑફ બિઝનેસ સ્ટડીઝના એસ.વાય.બી.બી.એના વિદ્યાર્થી યજ્ઞેશ પટેલનું કાવ્ય 'સ્નેહનો કમરો' ત્રીજા ક્રમે વિજેતા નિવડ્યું હતું. ત્રણે વિજેતાઓને અભિનંદન.

સંત કવિ ભોજા ભગત કાવ્ય સ્પર્ધા અને સદ્ગત પ્રાધ્યાપક જશભાઈ કા. પટેલ કાવ્ય સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની સેવા જાણીતા કવિશ્રી જયંત ઓઝાએ આપી હતી.

- અનુસ્નાતક ગુજરાતી વિભાગના ઉપક્રમે તાજેતરમાં ડૉ. ભાઈકાકા ગુજરાતી ચર્ચા સ્પર્ધાનું આયોજન થયું હતું. એનો વિષય હતો : શું આજનું શિક્ષણ પૂર્ણ માનવ બનાવવા માટે સક્ષમ છે ખરું ? સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન વિવિધ વિદ્યાસંસ્થાઓમાંથી ૩૯ સ્પર્ધકોએ આ ચર્ચા સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધાનું પરિણામ આ મુજબ છે.

**પ્રથમ વિજેતા :** દિવ્યેશ પાવાગઢી, વી. પી. સાયન્સ કોલેજ
**દ્વિતીય વિજેતા :** રાજેન્દ્ર કોરડિયા, અનુ. શિક્ષણ વિભાગ
**તૃતીય વિજેતા :** હિમાંશુ જોશી, વે- મેડ કોલેજ ઑફ એજ્યુકેશન.

આ ચર્ચા સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રો. હિતેશ એન. પટેલ (અનુ. સમાજશાસ્ત્ર વિભાગ) અને ડૉ. જિગીષ એમ. પંડ્યા (અનુ. ઇતિહાસ વિભાગ)એ સેવાઓ આપી હતી.

- અનુસ્નાતક ગુજરાતી વિભાગની સ્થાપનાની સુવર્ણ જયંતીના ભાગરૂપે સરદાર પટેલ મેમોરિયલ ટ્રસ્ટ, કરમસદ ખાતે વિભાગના વિદ્યાર્થીઓની સર્જકતા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરના મુખ્ય માર્ગદર્શક હતા અનુસ્નાતક ગુજરાતી વિભાગના રીડર ડૉ. જયેન્દ્ર એમ. પટેલ. એમના માર્ગદર્શનમાં શિબિરાર્થીઓએ લઘુકથા, કાવ્યો નાટક ઇત્યાદિનું સર્જન, સ્વરાંકન, મંચન, સાભિનય પ્રસ્તુતિ કરી હતી. આપણા પ્રદેશના સુખ્યાત ફોટોગ્રાફર સુનિલ આડેસરાએ વિદ્યાર્થીઓને ફોટોગ્રાફી પ્રત્યે અભિમુખ કર્યા હતા. શિબિરાર્થીઓએ ૬૦ જેટલા ફોટોગ્રાફ પણ પાડ્યા હતા. શિબિરના પરિણામો પ્રોત્સાહક પ્રાપ્ત થયા છે.

- અનુસ્નાતક ગુજરાતી વિભાગનો વાર્ષિકોત્સવ તા. ૧૪, ૧૫ માર્ચ ૨૦૦૮ના રોજ યોજાઇ ગયો. પ્રથમ દિવસે વિભાગના વરિષ્ઠ અધ્યાપક પ્રો. મણિલાલ હ. પટેલને ગુજરાત વિદ્યા સભાનો પ્રતિષ્ઠિત ધનજી કાનજી ગાંધી સુવર્ણ ચંદ્રક એનાયત થવાનો હોવાથી એમનું સન્માન કરવામાં આવ્યું. વિભાગના અન્ય વરિષ્ઠ અધ્યાપક નરેશ એલ. વેદે એમનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ પ્રો. મણિલાલ હ. પટેલની કાવ્યકૃતિઓનો પાઠ કર્યો હતો. તા. ૧૪ માર્ચના રોજ અનુસ્નાતક ગુજરાતી વિભાગમાં એક અન્ય કાર્યક્રમ પણ યોજાયો હતો. એમાં તા. ૭ માર્ચ ૨૦૦૮ના રોજ ડૉ. જયેન્દ્ર એમ. પટેલના માર્ગદર્શનમાં કરમસદ ખાતે યોજાયેલ સર્જકતા શિબિરની કેટલીક ઉપલબ્ધિઓની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

તા. ૧૫ માર્ચના રોજ વિદ્યાર્થીઓએ વાર્ષિકોત્સવમાં પોતાની સર્જનાત્મક અભિવ્યક્તિ પ્રસ્તુત કરી હતી. આ વર્ષ વિભાગની સ્થાપનાનું સુવર્ણજયંતીનું હોઇ આ પ્રસંગે એક સ્મરણિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. એમાં વિભાગના ૫૦ વર્ષનો ઇતિહાસ, અધ્યાપકો, વિદ્યાર્થીઓના લેખોનો સમાવેશ થાય છે.

વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીના **અનુસ્નાતક રાજ્યશાસ્ત્ર વિભાગ**માં સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે વિશિષ્ટ કાર્યક્રમ યોજાઇ ગયો સાથો સાથ એમ.એ. ફાઇનલના વિદ્યાર્થીઓનો વિદાય કાર્યક્રમ યોજવામાં આવેલ. વિભાગના વિદ્યાર્થીઓએ વાર્ષિદ દિનની ઉજવણી કરેલ. આમ ત્રિવેણી કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે પ્રો. બી. જી. પટેલ, કુલપતિ, સરદાર પટેલ યુનિવર્સિટી સમારંભના અધ્યક્ષ અને રાજ્યશાસ્ત્ર વિભાગના કાર્યકારી વડા ડૉ. બલદેવ આગજાએ છેલ્લા પચાસ વર્ષમાં વિભાગની થયેલ કામગીરી અને વિકાસની વાત કરી હતી. વિભાગનો વાર્ષિક અહેવાલ પ્રા. હિતેશ પટેલ દ્વારા રજૂ કરવામાં આવ્યો. વિદ્યાર્થી પ્રતિભાવોમાં વિદ્યાર્થીઓ દ્વારા સુન્દર પ્રતિભાવો આપવામાં આવ્યા.

મુખ્ય મહેમાન પ્રો. બી. જી. પટેલે પોતાના પ્રવચનમાં રાજ્યશાસ્ત્ર વિષયનો લાભ સમાજના છેવાડાના વ્યક્તિના વિકાસમાં થાય તેવા સૂચનો કર્યા અને વિભાગની કામગીરીને બીરદાવી હતી.

આભારદર્શન પ્રા. રંજના ધોળકીયા દ્વારા કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. હિતેશ પટેલે કર્યું.

**સેમકોમ કોલેજ**નો ૧૧મો વાર્ષિક દિવસ કોલેજ પટાંગણમાં સદ્ભાવના ટ્રસ્ટના સ્થાપક સ્વામી અનુભવાનંદજીના અતિથિવિશેષપદે તથા ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી. એલ. પટેલના અધ્યક્ષપદે યોજાયો.

કોલેજના અધ્યાપકો દ્વારા પ્રકાશિત લેખો, પ્રકાશનો, રિસર્ચ પેપર પ્રેઝન્ટેશન કન્ટેસ્ટમાં વિજેતાઓની નોંધ લીધી હતી. વાર્ષિક દિનના મુખ્ય મહેમાન સ્વામીશ્રી અનુભવાનંદજીએ યુવાનોમાં રહેલી શક્તિને જગાડવાનું કામ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

પ્રમુખ સ્થાનેથી બોલતા ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી. એલ. પટેલે આજના પ્રસંગે સ્વામી અનુભવાનંદની જેવા સંત પ્રાપ્ત થયા અને વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપવા બદલ તથા અગિયાર વર્ષની ઝળહળતી સફળતા બદલ ખૂબ જ અભિનંદન પાઠવ્યા હતા.

➢ **Department of English,** Sardar Patel University, Vallabh Vidyanagar organised the Nadiad Rotary Club Inter-Institutional Debating Competition in English for the year 2007-08 in the Assembly Hall of the Humanities and Social Sciences Building from 2.30 pm onwards on Thursday, 21 February, 2008. Teams from various affiliated institutions, colleges and departments of University participated in this competition. The theme proposed for this year's debate was "Is Gandhian Ideology Averse to Modernity?" The performance of the participants was judged by a three member Panel of Judges comprising Dr. P Mrudnayagam, Former Professor of English, Central University, Pondicherry, Dr P S Joshi, Reader, P G Centre of English, H M Patel Institute of English Training and Research, and Dr M M Sharma, Reader, Dept. of Hindi, S P University.

Mr Abhay Joshi of SEMCOM won the First Prize of Rs. 201/-, Mr Siddharth Bhatt of SEMCOM the Second Prize of Rs. 151/- and Ms Ankita Avasthi of BVM the Third Prize of Rs. 101/-. The Rotating Shield for the year 2007-08 went to the team of Mr Abhay Joshi and Mr Siddharth Bhatt of SEMCOM. Mr Manish Solanki, the Convenor of the Debate, compeered the programme.

➢ તા. ૨૮-૨-૨૦૦૮ના રોજ **એમ. બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન,** સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર ખાતે 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ-૨૦૦૮'ની ગણિત-વિજ્ઞાન કલબના ઉપક્રમે ઉજવણી કરવામાં આવી. આ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીનો વિષય ભારત સરકાર દ્વારા પ્રેરિત પરિપત્ર અનુસાર ''Save The Planet Earth'' સંદર્ભે કરવામાં આવી હતી. કોલેજ પરિસરમાં વિવિધ પોસ્ટર્સનું પ્રદર્શન કરવામાં આવ્યું. પ્રાર્થના સભાના મુખ્ય કાર્યક્રમમાં ગણિત-વિજ્ઞાન પદ્ધતિના અધ્યાપકો ડૉ. બી. એન. પંડ્યા, ડૉ. જે. બી. પટેલ અને ડૉ. નિપા ભરૂચાના માર્ગદર્શન હેઠળ પ્રશિક્ષણાર્થીઓ ઘનશ્યામ પ્રજાપતિ, ક્રિશ્નપાલ ગઢવી, હેતલ ગાંધી તથા રેનું ગેહરેવાલે- વિજ્ઞાન દિવસનું મહત્ત્વ અને ઉજવણી, RDNA અંગેની માહિતી, વિજ્ઞાનનો ઇતિહાસ, વિજ્ઞાન વિકાસ અને શાંતિ માટેનું શિક્ષણ જેવા વિષયો પર પ્રવચનો કર્યા. પ્રા. ડૉ. જે. બી. પટેલે - 'પૃથ્વી બચાવો'- વિજ્ઞાન દિવસ અંગેના મુખ્ય વિષય પર ચિંતાજનક ચિંતનો રજૂ કરીને પૃથ્વીને બચાવવા અંગેના માનવીય પ્રયત્નો દર્શાવીને ભવિષ્ય માટે આશાનો સૂર વ્યક્ત કર્યો. આ ઉજવણી અંતર્ગત 'ગણિત-વિજ્ઞાન હસ્તલિખિત અંક'નું પણ સંસ્થાના આચાર્ય ડૉ. એન. આર. પટેલના હાથે વિમોચન થયું. વરિષ્ઠ અધ્યાપક ડૉ. એ. કે. શાહે આ વિમોચન સંદર્ભે માનવીના મનના વિજ્ઞાન વિશેનું તત્વચિંતન રજૂ કરીને 'જાતને સમજો અને પૃથ્વીને સમજો' વિશે સ્પષ્ટ અને સ્પર્શનીય વિચારો રજૂ કર્યા. આ કાર્યક્રમ સંપન્ન થયા બાદ પ્રશિક્ષણાર્થીઓ ઉત્સાહ અને રસપૂર્વક "The Day After Tomorrow" ફિલ્મ નિહાળી હતી.

- **એમ. બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન,** સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર દ્વારા ૪૮મા વાર્ષિકોત્સવની ઉજવણી તા. ૨૭-૨-૨૦૦૮ના રોજ કરવામાં આવી હતી. સમારંભના અધ્યક્ષ સ્થાન સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી (ડૉ.) બી. જી. પટેલે શોભાવ્યું હતું. જેમણે પ્રશિક્ષણાર્થીઓને ઉત્તમ શિક્ષક બનવા અંગે એમના ચિંતનાત્મક વિચારો દ્વારા આશીર્વચન આપ્યા. આ સમારંભના મુખ્ય મહેમાનશ્રી પ્રો. (ડૉ.) આર. ડી. મૂળિયા, કા. નિયામક (શૈક્ષણિક), બાબા સાહેબ આંબેડકર ઓપન- યુનિવર્સિટી, અમદાવાદે શિક્ષકોના શિક્ષકત્વને કઇ રીતે ઉજાગર કરવું એ અંગે દિશા સૂચન પુરુ પાડ્યું. આવનારા ભવિષ્ય માટે કેવા શિક્ષક બનવું એ અંગે એમના વિચારો રજૂ કર્યા અને પ્રશિક્ષણાર્થીઓને ઉત્તમ શિક્ષકોનાં ઉદાહરણો આપી આશીર્વાદ આપ્યા. સમારંભના અતિથિ વિશેષ અનુસ્નાતક શિક્ષણશાસ્ત્ર વિભાગના વડા પ્રો. (ડૉ.) એમ. કે. યાજ્ઞિકે પ્રશિક્ષણાર્થીઓની સિદ્ધિઓને બિરદાવી આશીર્વચન આપ્યા.

સંસ્થાના અધ્યાપકો દ્વારા તૈયાર કરાયેલ અધ્યયન સહાયક સંપુટનું વિમોચન સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. (ડૉ.) બી. જી. પટેલના વરદ્ હસ્તે થયું. તાલીમાર્થીઓ દ્વારા હસ્તલિખિત અંક Ambienceનું વિમોચન પ્રો. (ડૉ.) આર. ડી. મૂળિયા અને પ્રો. એમ. કે. યાજ્ઞિકે કર્યું. ''શિક્ષકત્વની સપ્તપદી'' પ્રતિજ્ઞાનું વાચન કોલેજના જનરલ સેક્રેટરી શ્રી ગજરાજસિંહે કર્યું. ડૉ. અમિતાબેન પટેલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

➢ સરદાર પટેલ યુનિવર્સિટીના **અનુસ્નાતક હિન્દી વિભાગ**નો વાર્ષિક દિવસ સમારંભ ૧૨મી માર્ચ, ૨૦૦૮ના રોજ સ્ટુડન્ટ હોલ ખાતે યોજાઇ ગયો. સમારંભના પ્રમુખપદેથી સંબોધતા આર્ટ્સ ફેકલ્ટીના ડીનશ્રી પ્રો. આર. પી. પંડ્યાએ વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવી જીવનમાં સાચા રસ્તે આગળ વધવાની હાકલ કરી હતી, જ્યારે અતિથિ વિશેષપદેથી બોલતાં વે-મેઇડ કોલેજ ઑફ એજ્યુકેશનના આચાર્યાશ્રી ડૉ. સુલભા નટરાજે વિભાગની સિદ્ધિઓને બિરદાવતાં હિન્દીના વ્યાપની ચર્ચા કરી વિદ્યાર્થીઓને વધુને વધુ પ્રગતિના પંથો સર કરવાની સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

**M. B. Patel Science College,** Anand, Managed by Charotar Education Society and affiliated to Sardar Patel University, has undergone the NAAC Accredition process on the 21st and 22nd of Feb. 2008.

The NAAC Peer Team visited the College of the process comprised of Prof. S. Jayarama Reddy, Chairman - Former Vice-Chancellor of Sri Venkateswara University, Dr. Y. M. Jayaraj (Member co-ordinator), Gulbarga University and Dr. Swami Suparnananda,Member-Principal of Ramkrishna Mission Residential College of Kolkata, the team proved to be highly resourceful persons and their experiences were very supportive in our journey through this first time effort, of getting the institute accredited by NAAC.

**સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ**નાં એક્રેડીટિશન માટે તાજેતરમાં નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડીટિશન કાઉન્સિલની પિયર કમિટી કોલેજની મુલાકાતે આવી હતી. બે દિવસની મુલાકાત દરમ્યાન કોલેજની શૈક્ષણિક તથા ઈતર પ્રવૃત્તિઓ અને સિદ્ધિઓનું સર્વગ્રાહી મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. નેકની પિયર કમિટીના અધ્યક્ષ તરીકે કે.એલ.ઈ. યુનિવર્સિટી, બેલગામ (કર્ણાટક)નાં કુલપતિશ્રી ડૉ. ચન્દ્રકાન્ત કોકાટે ઉપસ્થિત રહ્યા હતા. તે ઉપરાંત બેરહામપુર યુનિવર્સિટી (ઓરિસ્સા)નાં પ્રો. બિશ્વાસ રાય તથા પટણા વિમેન્સ કોલેજનાં આચાર્યા સિસ્ટર ડિસોઝા સભ્ય તરીકે એક્રેડીટિશન પ્રક્રિયામાં જોડાયા હતાં. આ સમય દરમિયાન પિયર કમિટીએ કોલેજનાં વિવિધ વિભાગોનું અવલોકન કર્યું હતું તથા કોલેજનાં અધ્યાપકો, બિનશૈક્ષણિક કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, વાલીઓ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે ગુપ્ત બેઠકો યોજી હતી. શિક્ષણની ગુણવત્તાનાં ઉન્મૂલ માટેની આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન સંચાલક મંડળનાં પ્રતિનિધિઓ સાથે પણ વિચાર વિમર્શ કર્યો હતો.

**યુનિવર્સિટી પરિવારમાં જોડાતા નવા મહાનુભાવો**

અનુસ્નાતક ઈકોનોમિક્સ વિભાગ : ડૉ. ગૌરાંગ ડી. રામી

અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગ : ડૉ. નિસર્ગ કે. ભટ્ટ

અનુસ્નાતક સ્ટેટીસ્ટીક્સ વિભાગ : શ્રી ધર્મેશ પી. રાયકુંડલીયા અને ડૉ. હરવિંદરકુમાર

**યુનિવર્સિટી પરિવારમાંથી વયોચિત નિવૃત્તિ લઈ રહેલા મહાનુભાવો**

(૧) ડૉ. આઈ. એલ. કોઠારી- અનુસ્નાતક બાયોસાયન્સીસ વિભાગ, ૬૨ વર્ષ પુરી કર્યાની તા. - ૨૫-૬-૦૮

(૨) ડૉ. ડી. એસ. મિશ્રા - અનુસ્નાતક અંગ્રેજી વિભાગ, તા. ૨૯-૬-૦૮

(૩) ડૉ. આર. એસ. ટીકેકર- અનુસ્નાતક ગણિતશાસ્ત્ર વિભાગ, તા.૨-૮-૦૮

(૪) ડૉ. કે. કે. મખીજા- અનુસ્નાતક ઈલેક્ટ્રોનિક્સ વિભાગ, તા. ૧૪-૧૦-૦૮

**અભિનંદન**

આપણી યુનિવર્સિટીના DSA/CAS પ્રોગ્રામ ધરાવતા વિભાગો પૈકી **અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગ અને અનુસ્નાતક મટીરિયલ્સ સાયન્સ વિભાગ**ને યુ.જી.સી., નવી દિલ્હી તરફથી બન્ને વિભાગોને અલગ અલગ રૂા. ૩૦ લાખનું (કુલ રૂા. ૬૦ લાખનું) બીજા હપ્તા પેટે વધારાનું અનુદાન પ્રાપ્ત થયું છે. આ અનુદાનમાંથી સંશોધનનો વિકાસ થશે અને વિભાગમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરાશે.

**આવકાર**

એમ. એસ. યુનિવર્સિટી, વડોદરાના અનુસ્નાતક ઝુઓલોજી વિભાગના નિવૃત્ત પ્રોફેસર **ડૉ. બોની પીલો**ને યુ.જી.સી.એ એમીરીટ્સ ફેલોશીપ એવૉર્ડ માટે પસંદ કરીને આપણી યુનિવર્સિટીના બાયોસાયન્સીસ વિભાગમાં સંશોધનકાર્ય કરવા માટે ૫.૮૦ લાખનું અનુદાન બે વર્ષના સમયગાળા માટે મંજૂર કર્યું છે. અભિનંદન. આવકાર.

**નવી નિમણૂંક**

- યુનિવર્સિટીની ફાઈનાન્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ કમિટીમાંથી ડીન તરીકે મુદ્દત પૂરી થવાથી નિવૃત્ત થતા ડૉ. એન. એલ. સંઘવીની જગ્યાએ **ડૉ. એમ. કે. પટેલ** - વડા, અનુસ્નાતક બિઝનેસ સ્ટડીઝ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટીની તા. ૩૧ માર્ચ ૨૦૦૯ સુધી નિમણૂંક કરવામાં આવી છે. અભિનંદન.

| Sr. | Name & Institute | Subject & *Topic* |
|---|---|---|
| 1. | Dr. Deepanjan Majumdar, ISTAR | Agriculture Science - *Short term Emissions of Ammonia & Carbon dioxide from cattle urine contaminated tropical grassland Microcosm* |
| 2. | Mr. Manoj Patel, ISTAR | " |
| 3. | Ms. Reena Darbar, ISTAR | " |
| 4. | Mr. Manish Vyas, ISTAR | " |
| 5. | Dr. A. G. Bhadania, Anand Agriculture University | Dairy Science - *Energy Requirement of Scraped Surface Heat Exchanger (SSHE) during manufacture of Khoa* |
| 6. | Dr. B. P. Shah, Anand Agriculture University | " |
| 7. | Dr. U. S. Shah, Anand Agriculture University | " |
| 8. | Dr. Manish K. Shukla, Sardar Krushinagar Dantiwada Agriculture University | Veterinary Science & Animal Husbandry - *Effect of Antioxidants a-Toocopherol Ascorbic Acid and n-Propyl Gallate on Murrah Semen Cryopreservation* |
| 9. | Dr. A. K. Mishra ICAR, Meerut, UP | " |
| 10. | Dr. S. J. Bhatt Dept. of Mathematics, SPU | Mathematics - *Enveloping σ-C*-algebra of a smooth Frechet algebra crossed product by R, K-theory and differential structure in C*-algebras* |
| 11. | Dr. Praful A. Patel Dept. of Statistics, SPU | Statistics - *Design Based Horvitz Thompson Variance Estimation: π Weighted Ratio Type Estimator* |
| 12. | Dr. Raju D. Chaudhari Dept. of Statistics, V. P. Sci. College | " |
| 13. | Dr. H. C. Trivedi, Bhavnagar University | Chemistry - *Modification of Sodium Salt of Partially Carboxymethylated guar gum by Graft copolymerization with methyl Acrylate* |
| 14. | Dr. Jignesh H. Trivedi Dept. of Chemistry, SPU | " |
| 15. | Dr. Kiran Kalia, Dept. of Biosciences, SPU | " |
| 16. | Dr. N. K. Patel, Dept. of Chemistry, SPU | " |
| 17. | Dr. H. C. Trivedi, Bhavnagar University | Industrial Polymer Chemistry - *Ceric-induced grafting of acrylonitrileonto sodium salt of partially carboxymethylated guar gum* |

| | | |
|---|---|---|
| 18. | Dr. Kiran Kalia, Dept. of Biosciences, SPU | " |
| 19. | Dr. N. K. Patel, Dept. of Chemistry, SPU | " |
| 20. | Dr. Jignesh H. Trivedi, Dept. of Chemistry, SPU | " |
| 21. | Dr. M. N. Patel, Dept. of Chemistry, SPU | Coordination Chemistry - *In-vitro biological evaluation of some ONS and NS donor Schiffs bases and their metal complexes* |
| 22. | Dr. P. K. Panchal, Dept. of Chemistry, SPU | " |
| 23. | Dr. P. B. Pansuriya, Dept. of Chemistry, SPU | " |
| 24. | Dr. J.S.S. Mohan, Dept. of Biosciences, SPU | Botany - *In-vitro clonal propagation of Chlorophytum borivilianum Sant. et Fernand. a rare medicinal herb from immature floral buds along with inflorescence axis* |
| 25. | Dr. Urvashi Sharma, Dept. of Biosciences, SPU | " |
| 26. | Dr. Ramtej J. Verma, Gujarat University | Zoology & Fisheries - *Toxicological effects of Carica papaya seed extract on spermatozoa of mice* |
| 27. | Dr. Deepa Nambiar, Gujarat University | " |
| 28. | Dr. N. J. Chinoy, Gujarat University | " |
| 29. | Dr. M. N. Patel, Dept of Chemistry, SPU | Micro-biology and Bio-chemistry - *Bactericidal activity of different xovanadium(IV) complexes with Schiff bases and application of chelation theory* |
| 30. | Dr. P. K. Panchal, Dept. of Chemistry, SPU | " |
| 31. | Dr. H. M. Parekh, Dept. of Chemistry, SPU | " |
| 32. | Dr. P. B. Pansuriya, Dept. of Chemistry, SPU | " |
| 33. | Dr. Meenakshi B. Mehan, MSU | Home Science - *Profile of non communicable diseases risk factors in an industrial setting* |
| 34. | Dr. N. Srivastava, Vadodara | " |
| 35. | Miss H. Pandaya, MSU | " |
| 36. | Dr. Paresh H. Shah, Nirma University | Civil Engineering - *Generalized Archie's law for Estimation of Soil Electrical Conductivity* |
| 37. | Dr. D. N. Singh, IIT, Powai | " |
| 38. | Dr. Atul Kantilal Desai, SVNIT, Surat | Structural Engineering - *Seismic Analysis of Curved cable stayed bridge for Western Zone of India* |
| 39. | Dr. Jatin A. Desai, SVNIT, Surat | " |
| 40. | Dr. Hemant S. Patil, SVNIT, Surat | " |

| | | |
|---|---|---|
| 41. | Dr. Amit M. Trivedi, BVM, V. V. Nagar | Mechanical Engineering - *Integrating finite Element Based Heat transfer Analysis with Multivariate Optimization for efficient weld pool modeling* |
| 42. | Mr. Anand Suman, IIT, Bombay | " |
| 43. | Mr. Amitava De, IIT, Bombay | " |
| 44. | Dr. Pragnesh N. Tekwani, Nirma University, Ahmedabad | Electrical & Electronics Engineering - *Five level inverter scheme for an induction motor drive with simultaneous elimination of common mode voltage and DC link capacitor voltage imbalance* |
| 45. | Dr. Rahul S. Kanchan, Bergische Universitat, Germany | " |
| 46. | Dr. K. Gopalkumar, IISc, Bangalore | " |
| 47. | Prof. D. Lakshminarayana, Dept. of Electronics, SPU | Electronics Science - *Indium Sequitelluride ($In_2 Te_3$) thin film gas sensor for detection of carbon dioxide* |
| 48. | Dr. R. R. Desai, Dept. of Chemistry, SPU | " |
| 49. | Dr. C. J. Panchal, Dept. of Applied Physics, MSU | " |
| 50. | Mr. P. B. Patel, Dept. of Electronics, SPU | " |
| 51. | Dr. Archana Paranjape, Dept. of Pharmacology, Anand Pharmacy College, Anand | Medical Science - *A study on clinical efficacy of lepidium sativum seeds in treatment of bronchial asthma* |
| 52. | Dr. Anita A. Mehta, Dept. of Pharmacology, L. M. College of Pharmacy, Ahmedabad | " |
| 53. | Dr. Mahesh T. Chhabria, L. M. College of Pharmacy, Ahmedabad | Pharmacy - *Design, Synthesis and Diuretic activity of some Novel 2,4-Diamino-6-aryl-7-arylaminiopyrimido (4,5-d) Pyrimidin5(6H)-ones* |
| 54. | Mr. Ishwarsinh S. Rathod L. M. College of Pharmacy, Ahmedabad | " |
| 55. | Mr. Atul S. Chaudhari, Dept. of Pharmacology, L. M. College of Pharmacy, Ahmedabad | " |
| 56. | Mr. Mitesh H. Jani, K. B. Insti. of Pharmaceutical Edu. & Research, Gandhinagar | " |
| 57. | Dr. Mehul S. Raval, Dept. of Electronics and Commu., Sarvajanik College of Engg. & Tech., Surat | Computer Science & Computer Engineering - *Discrete Wavelet Transform based Robust Image Protection Technique* |
| 58. | Dr. (Mrs.) P. P. Rege, Govt. College of Engg., Pune | " |

# Effective Study Habits

**You can prepare yourself to succeed in your studies. Try to develop and appreciate the following habits:**

**Take responsibility for yourself:**

Responsibility is recognition that in order to succeed.

You can make decisions about your priorities, your time and your resources.

**Center yourself around your values and principles:**

Don't let friends and acquaintances dictate what you consider important.

**Put first things first:**

Follow up on the priorities you have set for your self, and don't let others, or other interests, distract you from your goals.

**Discover your key productivity periods and places:**

Morning, afternoon, evening, study spcaces where you can be the most focused and productive.

Prioritize these for your most difficult study challenges.

**Consider yourself in a win-win situation:**

You win by doing your best and contributing your best to a class, whether for yourself, your fellow students, and even for your teachers and instructors. If you are content with your performance, a grade becomes an external check on your performance, which may not coincide with your internally arrived at benefits.

**First understand others, and then attempt to be understood:**

When you have an issue with an instructor, for example a questionable grade, an assignment deadline extension, put yourself in the instructor's place. Now ask yourself how best you can make your argument given his/her situation.

**Look for better solutions to problems:**

For example, if you don't understand the course material, don't just re-read the material. Try something else. Consult with the professor, a tutor, an academic advisor, a classmate, a study group, or your school's study skills center.

**- Prof. L. R. Yagnik**
**P. G. Dept. of Psychology**

---

(Continue from Pg. 20)

'bought' by the eight franchisees owning the teams of IPL. The bid 'price' of each player; in a way reflects his current efficiency and perceived value in contributing to the team victories. It also perhaps reflects the marketability of the said cricketer; as the success of the T-20 format is largely based on its acceptance by television audiences. All in all, cricket will turn from a state sponsored activity into competitive market-driven enterprise, thus bringing in more efficiency. In an attempt to push up their 'price', vis-à-vis other international and national cricketers, players would focus more on their performance and fitness, which in turn would mean more excitement and entertainment for the spectators. The ultimate beneficiary of all this would be the game itself.

But there is obvious inconsistency behind this apparent rosy picture. Indian ODI Captain, MS Dhoni, the lad from Jharkhand, made headlines with a highest bid price of $1.5 million per year. While we can only be too happy for Dhoni; the next thought that ought to cross our minds is that, where does the per capita income of Jharkhand, or for that matter even India, stand in comparison with the astronomical figure of $1.5 million? Even after making due allowance for a relatively short career in active sports; it is difficult to conclude that the rewards bagged by cricketers as in line with their on and off field productivity. This is notwithstanding the fact that around 26% of our population still lives below the poverty line; besides the millions of others for whom,

meeting the meagre necessities of life happens to be constant struggle.

There is inequity in resource allocation and widespread mismanagement of the scarce available resources across the different sports in India. We have a long history of lack-lustre performance in all international sporting events including the Olympics. One reason cited for this is the lack of sufficient funds to provide appropriate infrastructure and training facilities for our sportspersons. Sometimes, even the most basic necessities for functioning are difficult to muster. For instance, the training camp of badminton players recently organised in Goa by the Badminton Association of India (BAI), ahead of the Thomas Cup (men) and Uber Cup (women), had to be cancelled (Indian Express, February 13, 2008). The reason was cited as being the shortage of shuttlecocks used for practice; which were not made available by the Sports Authority of India (SAI). Whatever the reasons may be, the situation is pathetic and shameful at the same time.

Compare the BAI to the BCCI. The BCCI is an autonomous body, which has the distinction of being the richest board for cricket in the world. With the launch of the IPL, its financial position and clout is set to strengthen further; this time transcending our national boundaries and attracting international players. Apart from its regular sources of income, the BCCI is set to generate $1.8 billion from the IPL. The IPL TV broadcast rights have been sold to Sony WSG at 1.75 billion for the first five years. Promotion would fetch another $108 million and the eight franchisees that own playing teams of IPL would shell out $700 million for the BCCI. Besides, the main sponsors, i.e. DLF would pay Rs.40 crores per year to the BCCI. A major part of this enormous funds flow is to be shared by the players themselves, many of whom are foreigners. The profits from the events would be largely appropriated by the franchisees, or the shareholders of their respective companies. In other words, this represents a concentration of funds in the hands of a few, at the expense of the large masses of this cricket-crazy nation. In an otherwise not-so-affluent economy, this looks like an expensive proposition. The IPL could serve a better purpose if the surplus generated by BCCI is ploughed back into the sports sector within the country. Again, it would be appropriate if the BCCI were to demonstrate leadership and long term vision in the sports sector, which could be emulated by apex bodies of other sports in India. Some suggestions for the sports policy makers of India are as follows:

1. Even as BCCI remains an autonomous body as far as functioning is concerned, its revenue surplus should be diverted to a consolidated fund meant for all sports in India.

2. The principle of cross subsidy should apply to cricket revenues. Surplus generated from cricket should be utilised for the development of hitherto low revenue generating sports, so that they could also turn into viable commercial activities in the future.

3. Physical facilities as well as funding for international travel and sporting equipment should be augmented for all sports apart from cricket, including traditional Indian sports like kabaddi, kho-kho and malla-khambh and wrestling.

4. The enormous surplus of the BCCI could be used to improve infrastructure facilities not only in domestic cricket associations across the country but also in training and grooming of human resources namely young players, coaches, umpires, grounds men, support staff and the like.

5. Women's sports needs to be encouraged as well, matched with sufficient financial rewards for the players, scholarships and national and international training and exposure for the promising candidates.

Instead of applying quotas on the basis of caste and religion, there should be a compulsory sports quota for jobs in the private corporate sector.

**- Dr. (Mrs.) Sonal Bhatt**

Lecturer,

Post Graduate Department of Economics

Sardar Patel University

Vallabh Vidyanagar-388 120

E-mail: svbhatt@gmail.com

Mobile: 98252 70185

## The IPL Bandwagon: Accentuating Inequity in Resource Allocation in an Already Skewed Economy

The Indian Premier League (IPL) has been launched on the lines of the English Premier League under the auspices of the Board of Control for Cricket in India (BCCI). It would have a 44 day T-20 cricket tournament featuring the latest and short version of the game, to be played by eight teams from various cities of India. With a lucrative format and a mix of national and international players, this league promises to turn a new page not only in the sporting history, but also the sporting economy of India. It would be interesting to take a dispassionate look at the hype associated with IPL and understand its positive and negative impact on the Indian economy as a whole.

Sports are part of the tertiary sector. A growing and robust service sector is a sign of a mature and progressive economy. Moreover, sports are a youth centric activity and higher funds flow into this sector signals good tidings for those youngsters who are interested in a career in sports. As educated unemployment is rampant in India with a large number of youth looking only for white-collar jobs, encouraging sports and turning it into a viable career option could be a fruitful strategy. Popularising sports amongst rural youth could also relieve the pressure on agriculture and manufacturing sector to some extent and positively influence the trend of rural-urban migration.

The trend of privatisation in the Indian economy caught up with the sports sector when in 1994, the monopoly of Doordarshan with regard to broadcast of cricket matches was broken. Yet again, market forces have been unleashed in the sporting arena as was evident from the IPL bidding process on February 20, 2008. Eighty-five Indian and international cricket players went up for auction, who were

(Continued on Pg. 18)

## Subscribe Today

| **Annual** | | **Life** |
|---|---|---|
| Students | : Rs.10.00 | Faculty & Staff : Rs.200.00 |
| Others | : Rs.15.00 | Institutions & Individuals : |
| Institutions | : Rs.100.00 | Rs.500.00 |

**Lifetime Subscription in Foreign Exchange:**

US $ 100.00 € 75.00 £ 75.00

**Contact:** Publication Division, Bhaikaka Library Vallabh Vidyanagar 388 120

## Contribute Today

*Sheel Shrutam* welcomes readers' contributions in the form of news, views, ideas and information for publication. **Please send your contributions before 1st week of every month to Param Pathak, Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120. Email: sheelshrutam@gmail.com**

Registered with the Registrar of Newspaper for India. Under No. G/AND-73 (B) Superscription PERIODICALS (S)

O. I. G. S. Book Post (Printed Matter)

If undelivered please return to :

The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120, Gujarat - India

*Sheel Shrutam* **:** A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.

Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120

**Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar**

Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.